

# ગીતા મારી સમજ

પી. કે. દાવડા

# પરમાત્માને અર્પણ

તારૂં તુજને અર્પણ

## નિવેદન

ગીતા વિષે જેટલું લખાયું છે, એટલું ભારતના કોઈપણ પુસ્તક કે ગ્રંથ વિષે લખાયું નથી. ગીતા વિષયના નિષ્ણાતોએ, ગીતાના એક એક શ્લોક ઉપર કલાકોના કલાકો સુધી વ્યાખ્યાનો આપ્યા છે. જેમ શેરડીનો રસ વેંચનાર, શેરડીના Practically dehydrated કુચા ન નીકળે ત્યાં સુધી પીલે રાખે, તેમ આ નિષ્ણાતોએ ગીતાને પીલી પીલીને રજૂ કરી છે. અને તેમ છતાં આયુષ્યના એંસી વરસ સુધી ગીતાનું કોઈ ખાસ જ્ઞાન મારે કોઠે પડ્યું નહીં. હા, ઠાલા શબ્દો જેવાકે જ્ઞાનયોગ, કર્મયોગ, ભક્તિયોગ વગેરે હું પણ વારતહેવારે બોલતો રહ્યો.

હાલમાં મને ઇચ્છા થઈ, લાવ હવે હું જાતે ગીતા સમજવા પ્રયત્ન કરૂં. જેમ જેમ વાંચતો ગયો, તેમ તેમ મને લાગવા માંડ્યું કે ગીતા એક સમાજશાસ્ત્ર અને મનોવિજ્ઞાનને લગતો ગ્રંથ છે. વ્યાસજીએ વિચાર્યું હશે, કે હું કહીશ તો કદાચ લોકો માનશે નહિં, એટલે એમણે કૃષ્ણે કહ્યું હોય અને અર્જુને સાંભળ્યું હોય એવી રચના કરી છે, જેથી ધર્મ સાથે જોડીને એમની વાત લોકોને સ્વીકાર્ય બને. હું માનું છું કે મોટાભાગના સંવાદોમાં કૃષ્ણ કહે છે એટલે ગીતા કહે છે. અને જ્યાં જ્યાં કૃષ્ણનો ઉલ્લેખ છે, ત્યાં ત્યાં એક પ્રચંડ શક્તિનો ઉલ્લેખ છે, આટલું સમજીને વાંચશો તો આજના જ્ઞાન વિજ્ઞાનના યુગમાં ગીતા વધારે ઉપયોગી જણાશે.

સાથે સાથે એ પણ જણાવી દઉં કે જે વાતમાં આપણને વિશ્વાસ ન હોય, શ્રધ્ધા ન હોય, એ વિષય ઉપર સમય અને શક્તિનો વ્યય ન કરવો જોઈએ. અહીં શ્રધ્ધાનો અર્થ અંધશ્રધ્ધા નથી, માત્ર માનસિક તૈયારી છે.

ગીતા અર્જુન માટે કહેવાઈ નથી. ગીતા આપણાં માટે રચાઈ છે. અર્જુનને તો ગીતા સમજાવવાને બદલે શરૂઆતમાં જ ભગવાન પોતાનું વિરાટ સ્વરૂપ દેખાડી દેત, તો અર્જુન ચૂપચાપ લડવા તૈયાર થઈ જાત. અથવા કૌરવોને વિરાટ સ્વરૂપ દેખાડી દેત

તો કૌરવો યુધ્ધનું મેદાન તો શું, હસ્તીનાપુર છોડીને ભાગી જાત. ગીતા કુરૂક્ષેત્રના યુધ્ધ માટે નહીં, આપણાં જીવનસંગ્રામ માટેનો ગ્રંથ છે.

આજે, સતત મોહ, સ્વાર્થ, જૂઠ, અહં, ક્રોધ, અછત, ઈર્ષા અને આવા અનેક નકારાત્મક તત્વો સાથે સંગ્રામ જેવી પરિસ્થિતિ વચ્ચે જીવવું પડે છે. અર્જુનને થયો એના કરતાં પણ અનેકઘણો વિષાદ, અનેક વાર, આપણને થાય છે. આવા સમયે ગીતાની કર્મ, જ્ઞાન અને ભક્તિની શીખ સમજવા કોશીશ કરીયે, તો એમાં આજની પરિસ્થિતિમાંથી રાહત મેળવવાના ઉપાયો મળી રહેવાનો સંભવ છે. બધા ઉપાયો, બધાને માટે શક્ય નથી, અને બધા ઉપાયોનો અમલ પુરેપૂરી રીતે કરવાની જરૂર પણ નથી. નિર્વાણ જેવા ઉચ્ચ લક્ષને નજર સામે રાખી, ગીતા સમજવાની કોશીશ કરશો તો મુંજાઈ જશો. પરિસ્થિતિમાંથી રાહત મેળવવાના Practical Solutions શોધશો તો એ એમાંથી મળી રહેશે.

મુખ્ય તો મન અને બુધ્ધિ વચ્ચેનો ફરક સમજી લેવાની જરૂર છે. વૈજ્ઞાનિકો તો આ બન્નેનું ઉદભવ સ્થાન એક જ (Brain) હોવાથી બહુ ફરક સમજાવી શકતા નથી. Intellect અને Emotion એવા બે શબ્દો જરૂર વાપરે છે. બુધ્ધિ એ જાગૃત અવસ્થાનું સાધન છે. મન એ અર્ધજાગૃતિમાં મોહ, લોભ, અહં, ક્રોધ અને આવા અનેક દુર્ગુણોનો શિકાર થઈ જાય એવું નબળું છે. ગીતા બુધ્ધિને સંબોધીને બહુ ઓછું કહે છે, ગીતા મનને વશમાં રાખવાની સલાહનો ગ્રંથ છે. જો તમે મનને વશમાં કરી શકો, તો વગર વાંચ્યે તમે ગીતા સમજી ગયા.

ગીતા માત્ર યોગીઓ અને તપસ્વીઓ માટે નથી. તમારા મારા જેવા સાંસારીક જીવન જીવતા લોકો માટે પણ એમાં ઘણી ઉપયોગી સલાહ છે. ગીતા સમજવી બહુ અઘરી છે એમ કહી કહીને વિદ્વાનોએ અનેક લોકોને ગીતાથી દૂર રાખ્યા છે. ગીતામાં ત્રણ જગ્યાએ ગૂઢ શબ્દનો ઉપયોગ થયો છે, બસ એનો સહારો લઈ આવા લોકો “તમને નહિં સમજાય, ગીતામાં જ કહ્યું છે એ બહુ ગૂઢ છે.” કહી, પોતાની પાસે ગીતાનો ઈજારો રાખ્યો છે.

આ ત્રણ ગૂઢ રહસ્યમાંથી પહેલું રહસ્ય કર્મ વિષે છે. ગીતા કહે છે કે જે કર્મ (કામ) કરવાની તારી ફરજ છે, એ કર્મ તો તારે કરવું જ જોઈએ. બીજું રહસ્ય છે, તમારી જાતને ઓળખવાનું. દરેક મનુષ્યમાં ઓછે વત્તે અંશે બે વૃત્તિઓ હોય છે, દૈવી અને આસુરી. આ વૃત્તિઓને સારી પેઠે ઓળખી લઈ, યોગ્ય દિશામાં વાળવાની વાત છે. ત્રીજું રહસ્ય છે પરમાત્માને ઓળખી એનો સ્વીકાર કરવાનું. આમાં પ્રથમ રહસ્ય માટે ગુહ્ય (Secret) શબ્દ વાપર્યો છે, બીજા રહસ્ય માટે ગુહ્યતર (Very secret) શબ્દ વાપર્યો છે, અને ત્રીજા રહસ્ય માટે ગુહ્યતમ (Most secret) શબ્દ વાપર્યો છે.

આમાંનું પહેલું રહસ્ય બીજા, ત્રીજા, ચોથા, પાંચમાં અને આઠમાં અધ્યાયમાં સમજાવ્યું છે. બીજું રહસ્ય બીજા, છઠ્ઠા,અને તેરમાથી અઢારમા અધ્યાયોમાં સમજાવ્યું છે, અને ત્રીજું રહસ્ય ત્રીજા, સાતમા, આઠમા, નવમા અને દસમાથી અઢારમા અધ્યાયોમાં સમજાવ્યું છે. ગીતામાં દરેક વાતનું પુનરાવર્તન ખૂબ જ છે, અને દરેક શ્લોકનો અર્થ દરેક વ્યક્તિ પોતાની સમજ પ્રમાણે કરી શકે. હું માનું છું કે ગીતા ઉપર લખાયલા અલગ અલગ પુસ્તકો વાંચી, આપણી પોતાની સમજ અનુસાર ધારણા બાંધીયે તો ગીતા એક આનંદદાયક વિષય છે.

આ અઢાર લેખમાં મેં અઢાર અધ્યાયમાંથી મને જેટલુ સમજાયું, અને મને જેટલું ગમ્યું, એના વિષે જ લખ્યું છે. મારી સમજણ શક્તિની મર્યાદા અને આ લેખની મર્યાદા બન્ને એક જ છે. હું જે સમજ્યો છું, એ સાચું છે એવો દાવો જરા પણ નથી. હું એક એંજીનીઅર છું. વિજ્ઞાન અને ગણિતને જીવનમાં ધર્મ કરતાં મેં જરીક વધારે મહત્વ આપ્યું છે, એની અસર પણ આ લેખોમાં દેખાશે.

ગીતાનાં દરેક અધ્યાયને જીવનમાં કોઇ સામાન્ય વ્યક્તિ ઉતારી ન શકે.

આથી ગીતામાં Options આપવામાં આવ્યા છે, જેથી દરેક પ્રકારનો માનવ પોતાના કલ્યાણનો માર્ગ શોધી શકે.

જે ભક્ત છે તેના માટે ભક્તિયોગ છે. એ માણસ હ્રદય પૂર્વક ઈશ્વરની આરાધના કરે, જે

માણસ પોતાની જીવન જરૂરિયાતો મેળવવા માટે જરૂરી સમય સિવાયનો સમય ઈશ્વર ભક્તિમાં ગાળે, એને પણ જીવનમાં શાંતિ અને આનંદનો અનુભવ થઈ શકે.

જેને ભક્તિ કરવાનો સમય નથી, મંદિરે જવામાં કે દર્શન કરવામાં એને રૂચી નથી, એને માટે ગીતામાં કર્મયોગ આપવામાં આવ્યો છે. જે વ્યક્તિ સાત્વિક કર્મ કરશે, એ પણ આનંદથી જીવી શકશે. જે વ્યક્તિ પોતાનો બધો જ ફાજલ સમય જ્ઞાન પ્રાપ્તિ માટે આપે છે, અને જ્ઞાન પોઝીટીવ અભિગમને પોષતું હોય, તો એ માણસ પણ સુખ શાંતિથી જીવન પસાર કરી શકે છે.

આધુનિક સમયમાં જે કોઇ વ્યક્તિ તેના સ્વભાવ અનુસાર ગીતા ના આ ત્રણમાંથી કોઈપણ એક યોગને અનુસરશે, અને એ વિચારો પોતાના જીવનમાં લાવશે, તો એને જીવન જીવવામાં ક્યાંકને ક્યાંક મદદરૂપ થશે.

હું મુંબઈની એક આર્ટસ એન્ડ સાયન્સ કોલેજનું કંન્સ્ટ્રકશન સુપરવાઈઝ કરતો હતો, ત્યારે એ કોલેજના પ્રિનસિપાલ ડો. પંડ્યાના સંપર્કમાં આવેલો. પ્રાધ્યાપક હતા, એટલે એમની પાસે જરૂરી જ્ઞાન હતું. કુટુંબના ભરણપોષણ માટે નોકરી કરતા હતા, એ એમનું કર્મ હતું. એક દિવસ ઘાટકોપરથી ફ્લોરા ફાઉન્ટન જતી વખતે એમણે મને પોતાની કારમાં રાઈડ આપેલી. રસ્તામાં કેટલીએ વાર એમણે અમુક દિશા તરફ હાથ જોડી માથું નમાવેલું. પછી મને ખ્યાલ આવ્યો, કે એ દિશાઓ તરફ મુંબઈના પ્રખ્યાત મંદિરો હતા. મારા એમની સાથેના દસ મહિનાના પરિચયમાં ક્યારે પણ મેં એમને Disturb થયેલા જોયા ન હતા.

જેમ અન્ન પકાવવા અગ્નિની જરૂર પડે, તેમ મનુષ્યમાં ગીતા સમજવા માટે તીવ્ર આકર્ષણ  પ્રગટવાની જરૂર છે.

આખી ગીતા વાંચ્યા પછી, પોતાને શું ઉપયોગી છે, એ શોધી અને એનો અમલ કરનારને જ ગીતા મદદરૂપ થઈ શકે.

ગીતાની રચના જ એવી છે, કે કહ્યું છે બધું અર્જૂનને, પણ સમજાવ્યું છે સમગ્ર માણસ જાતને. માણસ પોતાની પ્રકૃતિ અનુસાર ગીતાનો અમલ કરી, એનાથી ફાયદો મેળવે.

ગીતાની ખૂબી એ જ છે, કે એનું Destination એક જ છે, પણ ત્યાં પહોંચવાના અલગ અલગ રસ્તા દેખાડ્યા છે. માત્ર એટલું જ નહિં, દરેક માર્ગમાં આવનારી બાધાઓ, અને એ કેમ પાર કરી શકાય એના ઉપાયો પણ બતાવ્યા છે.

માત્ર ગીતા વાંચવાથી કશો ફાયદો નહિં થાય, ગીતાના શ્લોક મોઢે કરી, રોજ એનો પાઠ કરવાથી બહુ ફાયદો નહિં થાય, પણ ગીતાએ સુચવેલા સારૂં જીવન જીવવાના અનેક માર્ગમાંથી, કોઈ એક માર્ગે ચાલવાથી જરૂર ફાયદો થશે.

## (૧) અર્જુન વિષાદ યોગ

ગીતા ભલે શ્રીકૃષ્ણે કુરૂક્ષેત્રમાં અર્જુનને કહી હોય, કોઈ ઋષિએ રચેલી હોય કે કોઈ સંસ્કૃત કવિની કવિતા હોય, પણ એક વાત તો નક્કી છે કે એમાં વેદ પુરાણોનો સાર સંક્ષિપ્તમાં આવી જાય છે. બીજી વાત, ગીતા સમયના બંધનથી મુકત છે. ગમે તે સમયમાં, એ સમયને અનુરૂપ, ગીતાના શ્લોકોનો અર્થ કરી શકાય છે.

ગીતામાં કુલ ૭૦૦ શ્લોક છે. એમાંના કેટલાક મને સમજાતા નથી, તો કેટલાક મને આજના સંદર્ભમાં ઉપયોગી લાગતા નથી. જેટલા સમજાય છે, અને ઉપયોગી લાગે છે, એની કીમત ૧૦૦ ટચના સોના જેવી છે.

ગીતા માનવીય મનનું મનોવિશ્લેષણ છે. મનમાં ચાલતી ગુંચવણોનો ઉકેલ ગીતામાંથી મળી આવવાની શક્યતા છે. ગીતામાં અનેક પ્રકારના યોગની સમજણ આપવામાં આવી છે, અને છતાંય ગીતા યોગીઓ માટે નહિં પણ સંસારીઓ માટેનું પુસ્તક છે. ગીતામાં જે સમજણ અને શીખામણ આપવામાં આવી છે, એ તમે તમારૂં સામાન્ય સંસારી જીવન જીવતાં અપનાવી શકો એવી છે. હકીકતમાં ગીતા પંડની સાથે, કુટુંબની સા્થે અને સમાજની સાથે સમતોલ જીવન જીવવા માટેનું માર્ગદર્શન આપે છે.

કૃષ્ણને ભગવાન માનીને એણે કહેલી વાત માનવાની જરૂર નથી. એને એક શિક્ષક માનીને, એક ફીલોસોફર માનીને પણ એની વાતો સમજીએ, તો પણ એમાની ઘણી વાતો માનવા જેવી લાગશે. એક અર્થમાં કૃષ્ણ અને અર્જુન વચ્ચેના સંવાદના રૂપમાં ગીતા માણસને ડહાપણ શીખવાડે છે. જ્યારે મનમાં શંકાઓ હોય, મતિ મુંજાઈ જાય, ડીપ્રેશન જેવું લાગે, ત્યારે કૃષ્ણના સંવાદોના રૂપમાં ગીતા એક માનસશાસ્ત્રીનું કામ કરે છે.

જીવનમાં ગીતામાંથી કંઈ માર્ગદર્શન મેળવવું હોય તો બે ત્રણ વાતો સમજી લેવી જરૂરી છે. આપણને જો શિક્ષકના જ્ઞાનમાં કે એની પાત્રતામાં વિશ્વાસ ન હોય, તો એ

આપણને કંઈપણ શીખવી શકશે નહિં. બીજીવાત, ગીતામાં બધા માટે બધું નથી, પણ દરેક માટે કંઈક છે. અને છેલ્લી વાત, ગીતામાંથી કોઈ ગુઢ વાતો શોધવાને બદલે, આપણને જે સમજાયું તે આપણને ઉપયોગી લાગે તો તેને અપનાવવું. જે ન સમજાય, અને જે આપણાં માટે અયોગ્ય લાગે, એ બધું અપનાવવું જરૂરી નથી. આ મારી સમજ છે.

"તું શું લઈને આવ્યો છે? તું શું લઈ જવાનો છે?" એમ ગીતા કહે તો જ આપણે સમજીએ, એવું નથી. આપણે એ જાણીએ છીએ, પણ એનો સ્વીકાર કરતાં અચકાઈએ છીએ. નીયમિત ગીતાનું વાંચન આપણને આ સત્યનો સ્વીકાર કરવામાં મદદરૂપ થાય છે.

ગીતાના પ્રથમ અધ્યાયનું નામ છે વિષાદયોગ. મનમાં એકનો એક નકારનો ભાવ હોય તો એ વિષાદ છે. વિષાદનાં મૂળ શંકામાં હોય છે. કશુંક ગુમાવી દીધું છે કે ગુમાવી રહ્યા છીએ એનો ખેદ હોય છે. કલ્પિત ચિંતાઓ હોય છે—આ ચિંતામાંથી ભય પ્રકટે છે. ભય જીવનશક્તિને હણી નાખે છે.

આ જ તો ગીતાની ખૂબી છે. જીવનની સૌથી ખતરનાદ આપદા "વિષાદ"થી જ ગીતાની શરૂઆત થાય છે. આજે આ વિષાદ (ડીપ્રેશન) જાનલેવા બની ગયો છે. શાળાના બાળકો, પ્રેમભંગ થયેલા યુવક યુવતી, કારોબારમાં નિષ્ફળ ગયેલા માણસો, અને અન્ય પરિસ્થિતિઓનો સામનો ન કરી શકનારા લોકો, મોટી સંખ્યામાં આપઘાત કરે છે. ગીતાની સમજ કદાચ આપઘાતમાંથી તેમને બચાવી શકે.

અર્જુનને આ વિષાદ શા માટે થયો? શું એ ડરી ગયો હતો? શું અચાનક એને અહિંસાનું મહત્વ સમજાયું? શું એનામાં કર્મશૂન્યતા આવી ગઈ? ના, આમાનું કંઈ પણ કારણ ન હતું. એનામાં મોહ ઉત્પન્ન થયો હતો. વડિલો અને ગુરૂજનો પ્રત્યેના પ્રેમે એના મનનો કબ્જો લઈ લીધેલો. પ્રથમ અધ્યાયમાં આ મોહનો ઉલ્લેખ નથી, પણ

બીજા અધ્યાયમાં ગીતા આ મોહ વિષે વિગતવાર સમજ આપે છે. ગીતાનો ખરેખર ઉદ્દેશ તો માણસને મોહમાંથી મુક્તિ અપાવી, મનુષ્ય ધર્મ શીખવવાનો છે.

ગીતાના પ્રથમ અધ્યાયમાં પ્રત્યક્ષ રીતે કોઈ બોધ આપવામાં આવ્યો નથી, પણ આડકતરી રીતે મનની શરીર ઉપર અસર દર્શાવી છે. વિષાદને લીધે અર્જૂનના ગાત્રો શીથીલ થઈ ગયા છે, શરીર ધ્રુજે છે, આમ શરીર અને મન વચ્ચેના સંબંધો સૂચવે છે. આપણને પણ આવો જ અનુભવ થાય છે.

ગીતાના પ્રથમ શ્લોકમાં જ ધર્મક્ષેત્રે કુરૂક્ષેત્રે શબ્દો વાપરવામાં આવ્યા છે, અને એમાં પણ ધર્મક્ષેત્રે પહેલા અને કુરૂક્ષેત્રે પછી મૂકવામાં આવ્યો છે. મનુષ્ય જન્મે છે ત્યારે એનું શરીર અને મન તો ધર્મક્ષેત્ર જ હોય છે, પણ લોભ, મદ, મોહ, ક્રોધ વગેરે મનને કુરૂક્ષેત્રમાં ફેરવી નાખે છે. પાંડવો સારી વૃતિના પ્રતિક છે અને કૌરવો ખરાબ વૃતિની પ્રતિક છે. આપણા મનમાં જ ક્યાંક ને ક્યાંક કૃષ્ણ પણ છૂપાઈને બેઠો છે. પણ બધા અર્જુન જેવા નથી, જે કૃષ્ણનું બધું જ સાંભળે.

મારૂં ગીતાનું વાંચન ઉપરછલ્લું જ છે, તો પણ મારા મનમાં એની ઉપયોગીતા વિષે સકારક છાપ પડી છે. અગાઉ હું માનતો કે ગીતા ફક્ત, “તારો માત્ર કામ કરવાનો જ અધિકાર છે, ફળ મેળવવાનો નહિં.” એટલું જ શીખવે છે, અને એટલે એને વાહિયાત વાત ગણી જતી કરતો. આજે એનો અર્થ કંઈ જુદી રીતે સમજાય છે.

(૨) સાંખ્ય યોગ

ગીતાના બીજા અધ્યાયનું નામ છે સાંખ્યયોગ. સાંખ્યયોગ એટલે જીવ અને દેહ બે કઈ રીતે અલગ છે, એ સમજી અને મોહ ન પામવાની પ્રક્રીયા. જીવ અને દેહ અલગ હોવાની વાત તો હું સમજી શકું છું, કારણ કે મેં મૃતદેહ, જીવ વગરના શરીર, જોયા છે.

આ અધ્યાયની શરૂઆતમાં અર્જુન યુધ્ધ ન કરવા પાછળના અનેક કારણો આપે છે, અને કૃષ્ણ એ શાંતિથી સાંભળી લે છે. પછી એ અર્જુનને કહે છે, તું ચિંતા ન કરવા જેવી વાતની ચિંતા કરે છે. જે થવાનું છે, એ થઈને જ રહેશે. તું તો માત્ર નિમિત્ત છે. આ જ વાત હજારો વરસ પછી નરસિંહ મહેતાએ દોહરાવી છે, “આપણો ચિંતવ્યો અર્થ કંઈ નવ સરે, તે તણો ખરખરો ફોક કરવો.” અર્જુનને સહેલાઈથી સમજાય એટલે કૃષ્ણ કહે છે, આ પહેલા પણ રાજાઓ હતા, આમના પછી પણ રાજાઓ હશે. પાત્રો બદલાશે પણ ખેલ તો એનો એ જ રહેશે.

સાંખ્યનો એક અર્થ છે અનુભવથી દૂર, ન અનુભવી શકાય એવું ! આજના સમયમાં ન અનુભવી શકાય એવું સ્વીકારવું સામાન્ય લોકો માટે મુશ્કેલ છે. અહીં ગીતા આત્માની વાત દાખલ કરે છે. જીવનભર મેં અલગ અલગ શ્રોતમાંથી આત્માની વાત સમજવા પ્રયત્ન કર્યો છે. સાધુ-સંતોને સાંભળ્યા અને વાંચ્યા છે, પ્રવચનકારો, ફીલોસોફરો, પુસ્તકો અને ગુગલ, પણ મને ક્યાંયે સંતોષ મળ્યો નહિં. અહીં મારી સમજ પ્રમાણે આત્મા વિષે લખું છું.

આત્માની વાત જો કરવી જ હોય તો તમારે પરમાત્મા (ઇશ્વર)નું અસ્તિત્વ સ્વીકારવું પડશે. જો એ ન સ્વીકારો, તો મારી આ સમજને ફગાવી દેજો. હું ઇશ્વરને શક્તિ સ્વરૂપે સ્વીકારવા તૈયાર છું. આ સ્વરૂપમાં બધાના ભગવાન આવી જાય, કારણ કે એની કોઈ આકૃતિ કે મૂર્તિ નથી. આઈનસ્ટાઈન અને સ્ટીફન હોકીંગ્સે પણ ન છૂટકે આ સ્વીકાર્યું છે. આઈનસાઈનની જગવિખ્યાત ફોર્મ્યુલા E = mC2 માં આ સ્વરૂપ સમજી શકાય

છે. Big Bang પણ આનું જ બીજું રૂપ છે. સાદી ભાષામાં કહું તો પદાર્થનું શક્તિમાં અને શક્તિનું પદાર્થમાં, આ ફોર્મ્યુલા પ્રમાણે રૂપાંતર થાય છે. આ સમગ્ર બ્રહ્માંડ શક્તિ અને પદાર્થનું Combination છે. હીરોશીમા અને નાગાસાકી ઉપર ફેંકાયલા અણુબોમ્બ જેવા હજારો અણુબોમ્બ, સૂર્યમાં પ્રત્યેક ક્ષણે ફૂટે છે, એટલે જ એ ઉર્જા આપણી સુધી પહોંચે છે.

આત્મા એ આ પરમાત્માનો અંશ માત્ર છે. એ યુરેનિયમમાં પણ છે, અને મારામાં પણ છે. “આત્મા સો પરમાત્મા”, જેવા વાક્યો આપણે બોલતા આવ્યા છીએ. ફરી પાછો નરસિંહ મહેતાને યાદ કરૂં છું, “નિરખને ગગનમાં કોણ ઘૂમી રહ્યો? તેજ હું, તેજ હું, શબ્દ બોલે.” શાસ્ત્રોમાં પણ કહ્યું છે, સોહમ (સો અહમ), તત્વમસિ. એ હું જ છું, તું પણ તે જ છે. આટલું સ્વીકારીએ તો સમજાય છે કે આત્મા શા માટે અમર છે. પરમાત્માનો એ અંશ, આપણા મૃત્યુ પછી પાછું પરમાત્મામાં ભળી જાય છે, અને ત્યાંથી વળી બીજા કોઈ જીવમાં એ પરમાત્માના અંશ તરીકે જાય છે, અને આ પ્રક્રીયા ચાલ્યા કરે છે. અહીં ગીતાનો પ્રખ્યાત શ્લોક,

નૈનં છિન્દન્તિ શસ્ત્રાણી, નૈનં દહતિ પાવકઃ

ન ચૈનં કલેદયન્ત્યાપો ન શોષયતિ મારુતઃ

“શસ્ત્રો જેને કાપી શકતા નથી, અગ્નિ જેને બાળી શકતો નથી, પાણી જેને પલાળી શકતું નથી અને પવન જેને સુકવી શકતો નથી”, આ રીતે સમજી શકાય છે.

આ અધ્યાયમા સત્ય અને અસત્ય વચ્ચેનો ફરક સમજાવ્યો છે, એ સ્વીકાર્ય છે. અસ્તિત્વ અને અનઅસ્તિત્વ પણ સમજી શકાય એવી વાત છે. ખરૂં અને આભાસી એ પણ સમજી શકાય એવા શબ્દો છે. ગીતાએ અહીં જે સમજવા જેવી વાત કહી છે, તે છે સત્ય, અસ્તિત્વ અને ખરૂં એ હંમેશાં મૂળ સ્વરૂપમાં રહે છે, જ્યારે અસત્ય, અનઅસ્તિત્વ અને આભાસી સદા બદલતા રહે છે. તદન સાદો દાખલો આપવો હોય તો અફવા સદા બદલતી રહે છે.

આ અધ્યાયમાં ગીતા બીજી એક વાત પણ કહે છે. આપણને જે દેખાય છે, અથવા આપણે જેનું અસ્તિત્વ જાણી શકીએ છીએ, એ આ દુનિયામાં પેદા થાય છે, અમુક અવધી સુધી ટકી રહે છે, અને પછી નાશ પામે છે. આ પ્રક્રીયા સતત ચાલતી રહે છે. અહીં નાશ પામે છે એ પ્રક્રીયાની ચોખવટ કરતાં ગીતા કહે છે કે કોઈપણ વસ્તુ સંપૂર્ણપણે નાશ પામતી નથી પણ એ પરિવર્તિત થાય છે. શરીરને બાળી મૂકવાથી એ અનેક ઘટકોમાં વહેંચાઈ જઈ અનેક અલગ અલગ તત્વો તરીકે વિશ્વમાં અસ્તિત્વમાં રહે છે. રસાયણશાસ્ત્ર પણ આપણને આ જ વાત કહે છે.

આ અધ્યાયનો ૩૮ મો શ્ર્લોક સમજવા જેવો છે.

"સુખમાં કે દુખમાં, લાભમાં કે હાનિમાં, જયમાં કે પરાજ્યમાં, કર્તવ્યથી વિમુખ ન થવું જોઈએ."

૪૭ મો શ્ર્લોક ગીતાનો સૌથી વધારે જાણીતો શ્ર્લોક છે.

કર્મણેવાધિકારસ્તે મા ફલેષુ કદાચન

મા કર્મફલહેતુર્ભુર્મા તે તે સંગોસ્ત્વકર્મણિ.

"કર્મ કરવાનું એ તારા હાથની વાત છે પણ એનું ફળ મળવાનું તારા હાથમાં નથી, માટે ફળની આશા રાખીને કોઈ કામ કરીશ નહિં, કે ફળ નહિં મળે સમજીને કોઈ કામ કરવાનું ટાળતો નહિં.'

આનાથી વધારે સ્પષ્ટ કઈ રીતે કહી શકાય, અને આ વાત સમજાવવામાં યુગો કેમ લાગી ગયા?

બીજા અધ્યાયમાં મને સમજાય અને મન તરત સ્વીકારી લે એવી વાત ૬૨ મા અને ૬૩ મા શ્ર્લોકમાં છે. ઈન્દ્રીયોથી ભોગવી શકાય એવી વસ્તુઓમાંથી મોહ જન્મે છે, મોહ માંથી ઈચ્છા જન્મે છે. ઈચ્છા પુરી ન થતાં એમાંથી ક્રોધ ઉત્પન્ન થાય છે, ક્રોધ

મનુષ્યને ભ્રમિત કરે છે, ભ્રમિત બુધ્ધિ સત્યહકીકતનો અસ્વીકાર કરે છે, અને આમ મનુષ્ય વિનાશને નોંતરે છે.

૬૭ માં શ્ર્લોકમાં આ જ વાત વધારે સ્પષ્ટ કરતાં કહે છે કે મન ઉપર જ્યારે ઈન્દ્રીયોનો કાબુ થઈ જાય છે, ત્યારે જેમ સાગરમાં તોફાનથી નાવ લક્ષ્યથી ભટકી જાય છે, તેમ આપણી બુધ્ધી પણ ભટકી જાય છે, અને શાંતિ અને સુખ સુધી પહોંચી શક્તા નથી.

(૩) કર્મ યોગ

ગીતાના ત્રીજા અધ્યાયમાં કર્મની પુરેપુરી સમજ આપવામાં આવી છે. કર્મ કયું કરવું, કેવી રીતે કરવું, કર્મ અને ફળનો સંબંધ, કર્મ અને જ્ઞાન આ બે માંથી કયું ચડિયાતું, વગેરે સ્પષ્ટ રીતે સમજાવ્યું છે.

મોટા ભાગના માણસો માને છે કે ગીતામાં ખૂબ ગૂઢ રહસ્યો છૂપાયલા છે. ગીતા સમજવી બહુ અઘરી છે, ગીતા સમજવી એ સામાન્ય માણસનું કામ નથી. આ ડરને લીધે મેં જીવનના ૮૦ વર્ષ ગીતા સમજવા પ્રયત્ન જ ન કર્યો. ગીતાનો સૌથી જાણીતો શ્લોક, બીજા અધ્યાયનો ૪૭ મોશ્લોક છે. “કર્મણ્યેવાધિકારસ્તે મા ફલેશુ કદાચ ન.” આ શ્લોક મેં સાંભળ્યો, ત્યારથી મારા મનમાં એક જાતની ગીતા વિરોધી ગ્રંથી બંધાઈ ગઈ. આતે કેવું, કામ કરવાનો અધિકાર તારો છે પણ ફળ મેળવવાનો અધિકાર તારો ક્યારે પણ નથી. આ મારી ગેરસમજ હતી. હકીકતમાં ગીતા કહે છે, કર્મ કરવું એ તારા હાથની વાત છે, પણ દરેક વખતે એનું સારૂં જ પરિણામ આવે એ તારા હાથની વાત નથી. આ હકીકત છે, અને જીવનમાં મળતી નિષ્ફળતાઓ આનો પૂરાવો છે.

એક વાત સ્પષ્ટ છે કે મનુષ્ય માટે કર્મ અનિવાર્ય છે. એ કર્મ કરવા બંધાયલો છે. ગીતા એમાં સહમત છે. ગીતા કહે છે કે તમે કર્મ કરવા ભલે બંધાયલા હો, પણ કર્મમાં ન બંધાઈ જાવ. ગીતા એ પણ કહે છે કે કર્મને પણ ગુણોના ત્રાજવે તોલો. રોજી રોટી માટે કામ કરવું પડે એમાં કંઈ ખોટું નથી, પણ તમારા કામથી જો સમાજને કે સમાજની કોઈ વ્યક્તિને નુકશાન થવાનું હોય તો એવા તામસિ કર્મને ત્યાગો. કર્મ ઈન્દ્રીયોથી થાય છે, અને ઈન્દ્રીયોનો રાગ અને દ્વેશ સાથે નીકટનો સંબંધ છે. રાગ અને દ્વેશથી મુકત થઈને કરેલું કર્મ તામસિક હોઈ જ ન શકે.

અહીં સારા કર્મને એક યજ્ઞ સાથે સરખાવવામાં આવ્યો છે. પરમાત્મા પોતે કહે છે કે હું પણ સતત કર્મ કરવામાં જ રોકાયલો છું, હું જો કર્મ ન કરૂં તો આ બ્રહ્માંડનો વહિવટ ભાંગી પડે.

ગીતામાં કર્મ અને ફળનો સંબંધ પણ સમજાવેલો છે. દરેક સારા કે ખરાબ કામનું ફળ મળશે જ, ભલે તમે ફળની આશા રાખો કે ન રાખો. જેવું કર્મ તમે કરશો, તેવું ફળ મળશે. તમે ખરાબ કામ કરો તો સારા ફળની આશા ન રાખવાનું ગીતા કહે છે. ફળ આપવાનો અધિકાર પરમાત્માએ એટલા માટે જ પોતાની પાસે રાખ્યો છે.

એક અગત્યની વાત એ પણ કહી છે કે તમે તામસિક કર્મથી એટલા માટે દૂર રહો છો કારણ કે તમારા મનમાં પકડાઈ જવાનો કે શિક્ષા થવાનો ડર છે. આ વાતને તમે કર્મત્યાગ ન કહી શકો. તમારું મન તો એમાં છે, પણ બીકના માર્યા શરીરથી એ કર્મ કરતા નથી. આવી ઘણી સૂક્ષ્મ વાતો ગીતામાં અનેક વાર કહેવામાં આવી છે.

અધ્યાયની શરૂઆતમાં જ પ્રશ્ન કરવામાં આવ્યો છે કે જ્ઞાન અને કર્મ, આ બેમાંથી ચડિયાતું શું? આજના સમયમાં માણસને સારૂં જીવન જીવવા આ બન્ને જરૂરી છે, બેમાંથી એક હોય તો માત્ર આંશિક સફળતા જ મળે છે. તો શા માટે આવો પ્રશ્ન પૂછવામાં આવ્યો છે? હું એવું સમજ્યો છું કે આ પ્રશ્નના જવાબ આપણને જ્ઞાન અને કર્મના સાચા અર્થ સમજાવે છે, અને અંતમાં આપણને જ એ નિર્ણય ઉપર આવવામાં મદદ કરે છે, કે બન્ને જરૂરી છે, અને બન્ને એકબીજાના પૂરક છે.

તમે જો તમારા જ્ઞાનનો ઉપયોગ કરી, એક ખરાબ કામ કરવાથી દૂર રહો તો તમે નિષ્કર્મ રહ્યા, તમે કંઈ કામ કર્યું નહિં, પણ ગીતા કહે છે કે તમે દૂર રહીને ખરાબ કામ ન કર્યું. એટલે કે તમે કંઈ કામ ન કર્યું, એ પણ તમારા કર્મમાં ગણાયું. આમ ત્રીજા અધ્યાયમાં તમને કર્મનો સાચો અર્થ શીખવા મળે છે. યાદ રાખો, તમારા કર્મના ત્રણ પ્રકાર છે, સાત્વિક, રાજસી, અને તામસી. માત્ર કર્મ કરવું એટલું જ પુરતું

નથી. કેવું કર્મ કરવું એ વિચારવું જરૂરી છે, અને એ વિચારવા જ્ઞાન જરૂરી છે. પુરતા જ્ઞાનની મદદથી તમે સામાન્ય કર્મ અને કર્મયોગ વચ્ચેનો તફાવત જાણી શકો.

તમે કોઈપણ જાતના બદલાની આશા વગર એક સતકાર્યમાં લાગ્યા પડ્યા હો તો તમે કર્મયોગી છો. આપણા સામાન્ય કર્મ એક નિશ્ચિત વળતર માટે કરેલા હોય છે. નોકરી કરીએ તો એનું એક મુકરર થયેલું વળતર મળે છે. તમને જો શેઠ પગાર ન આપે તો તમે કામ નહિં કરો. આ એક સામાન્ય કર્મ છે. હવે બીજા માણસને ખબર નથી કે શેઠ પગાર આપશે કે નહિં, અને આપસે તો કેટલો આપસે; છતાં એ આખો મહિનો ઈમાનદારીથી કામ કર્યા કરે છે, તો એ આંશિકરૂપે કર્મયોગી છે. છતાં મહિનાને અંતે પગાર ન મળે તો એ કામ કરવાનું બંધ કરી દેશે. ગીતા એક એવા કર્મયોગની વાત કરે છે કે જેમાં માણસ કોઈપણ પ્રકારના ફળની આશા વગર, કોઈપણ જાતની આશક્તિ વગર, કર્મ કરે જ રાખે છે, અને ગીતા એને કર્મયોગી કહે છે. આવા કર્મયોગીને સમજવા જેટલી મારી બુધ્ધિ હજી વિકસિત નથી થઈ.

આ અધ્યાયમાં ગીતા કહે છે, જે મનુષ્ય માત્ર ફળની આશા રાખી કર્મ કરે છે એને નિષ્ફળતા મળવાનો સંભવ છે. આ વાતના સમર્થનમાં એક ઉદાહરણ આપવામાં આવે છે. એક ખેડૂત સારા પાકની આશામાં ખેતર ખેડે છે અને અન્ન વાવે છે. એણે આશા રાખી કર્મ કર્યું. દુકાળનું વરસ નીકળ્યું, વરસાદ ન આવ્યો, અન્ન ન પાક્યું, એને ફળ ન મળ્યું. આ ઉદાહરણને હું સંપુર્ણપણે યથાર્થ નથી માનતો. એણે ફળની આશા રાખી એટલે દુકાળ પડ્યો એમ ન કહી શકાય. હા, આ દાખલાથી ગીતાનો એક ઉપદેશ પુરવાર થાય કે કર્મ કરવું આપણાં હાથની વાત છે, પણ ફળ મળશે જ એવો પાકો બંદોબસ્ત કરવો એ આપણાં હાથની વાત નથી.

કર્મમાં જ્ઞાનનો ઉપયોગ જરૂરી છે. સાત્વિક કર્મથી જે ફળ મળે છે એ જીવનમાં શાંતિ અને સંતોષ આપે છે, કારણ કે એમાં ભયનું તત્વ નથી. તામસી કર્મથી તમે ઈચ્છેલું ફળ કદાચ મળી પણ જાય, પણ તમે ખુલ્લા પડી જવાના ભય હેઠળ જીવો છો. તમે વાપરેલી રીતથી જ અન્ય કોઈ તમારૂ ફળ ઝુંટવી લેશે, એવી આશંકાથી પીડાવ છો.

ઉચ્ચ કક્ષાએ જ્ઞાન અને કર્મનો આ સમન્વય છે. બાકી તો રોજીંદા જીવનમાં તમે ડોકટર છો, એંજીનીઅર છો કે આવી કોઈ પ્રવૃતિનું તમને જ્ઞાન છો તો તમને તમારૂં કર્મ કરવામાં જ્ઞાનની તમને જરૂરી મદદ મળી રહી છે. આ જ્ઞાન વગર તમે આ કર્મ ન કરી શકત.

હું માનું છું કે કર્મ વગર માણસ રહી જ ન શકે. તમે અનેક વિષયોનું જ્ઞાન પાપ્ત કરી લો, પછી જો કોઈ તમને કહે કે હવે તમારે કંઈ કરવાનું નથી, તમે ચૂપચાપ બેસી રહો. શું આ તમારા માટે શક્ય છે?

એટલે જ્ઞાન અને કર્મ, બેમાંથી એકની પસંદગી શક્ય જ નથી, જીવનમાં બન્ને જરૂરી છે.

(૪) જ્ઞાન-કર્મ-સન્યાસ યોગ

ગીતા પોતે જ કહે છે, કે ગીતામાં કહ્યું છે એમાં કંઈ નવું નથી. એ હજારો વરસથી અસ્તિત્વમાં હતું, અને આજે પણ છે. ગીતા માત્ર એને એકત્ર કરી, ફરી યાદ અપાવે છે.

આ ચોથા અધ્યાયનું નામ છે જ્ઞાન-કર્મ યોગ. જ્ઞાન દ્વારા કર્મ કરવાની રીત. આ અધ્યાયમાં ગીતાનો અતિપ્રસિધ્ધ શ્લોક, “યદા યદા હી ધર્મસ્ય....” ૭ મા શ્લોક તરીકે આવે છે. લોકો એનો સાદો અર્થ કરે છે કે કૃષ્ણે વચન આપ્યું છે, કે જ્યારે જ્યારે પૃથ્વી ઉપર ધર્મનો નાશ થશે, ત્યારે ત્યારે અધર્મનો નાશ કરવા હું અવતાર ધારણ કરીને આવીશ. મારી સમજ પ્રમાણે ગીતા કહે છે, “જ્યારે ધર્મ ઘટે છે, અને અધર્મ વધે છે, જ્યારે ધરતી ઉપર અનિષ્ટ તત્વોનું વર્ચસ્વ વધે છે, ત્યારે કોઈ એવી વ્યક્તિ બહાર આવે છે જે એ પરિસ્થિતિનું ખંડન કરી, ફરી ધર્મમાર્ગની (વ્યવસ્થાની) સ્થાપના કરે છે. આવી વ્યક્તિને સમાજ પછીથી ભગવાનની જેમ પૂજે છે. આપણે જો એમ માની બેસીએ કે આવી પરિસ્થિતિમાં ભગવાન સ્વર્ગમાંથી ઉતરી આવશે, તો આપણે નિરાશ થવું પડશે.

આ અધ્યાયમાં બીજી સમજવા જેવી વાત આવે છે. સફળતા અને નિષ્ફળતા એ જીવનના બે પહેલુ છે. એ બન્નેનો સ્વીકાર કરીને જીવન વ્યતિત કરવાથી માણસને સુખનો અનુભવ થાય છે. માત્ર નિષ્ફળતાઓનો રાગ આલાપીને સુખી થઈ શકાતું નથી. અહીં બીજી પણ મોટીવાત કહે છે, મનુષ્યે રાગ-દ્વેશથી મુક્ત થઈ જીવવું જોઈએ. આ વાત બધા માટે શક્ય નથી. માણસે કેવી પરિસ્થિતિમાં જન્મ લીધો છે, કેવી રીતે એનો ઊછેર થયો છે, જીવનમાં એને કેટલીવાર અન્યાયનો સામનો કરવો પડ્યો છે; આ બધી વસ્તુઓ એના જીવનમાં વણાય છે. આ પરિસ્થિતિજન્ય વાતોથી એનો અભિગમ બંધાય છે. આજે તો Genetic વિજ્ઞાન, મનુષ્યના દાદા-પરદાદાના સ્વભાવ પણ આમાં કારણભૂત છે એમ કહે છે.

આ અધ્યાયમાં કર્મ, વિકર્મ અને અકર્મ જેવા શબ્દો વાપરી, ગીતા સમજવાનો પ્રયત્ન કરનારઓને મુંજવણમાં મૂકી દીધા છે. આ ત્રણ શબ્દોની ભાંજગડમાં પડ્યા વગર, હું એવું સમજ્યો છું કે તમે શરીરથી એક કર્મ કરતા હો, ત્યારે તમારા મનમાં બીજો જ કોઈ વિચાર ચાલતો હોય, જે ખરેખર તમે જે કર્મ કરતા હો એને અનુરૂપ ન હોય, તો એ કર્મ સાત્વિક નથી. તમે દાન કરતા હો ત્યારે તમારા મનમાં પ્રસિધ્ધિ મેળવવાની ભાવના હોય, તો એ દાન સાત્વિક નથી. કોઈપણ જાતના ફળની આશા વગર, આ કરવું યોગ્ય છે એમ સમજી સારૂં કર્મ કરતા હો, તો તમને એ કર્મ જેવું લાગશે નહિં. એનો થાક કે બોજો વર્તાશે નહિં, એ કર્મ નહિં રહે એટલે એને કદાચ અકર્મ કહ્યું હશે. સામાન્ય બોલચાલમાં આપણે અકર્મી શબ્દ નકારત્મક ભાવથી વાપરીએ છીએ.

આપણે એક વાત ધ્યાનમાં લેવી પડશે કે જ્યારે ગીતા રચાઈ ત્યારે જ્ઞાન, કર્મ, અને સન્યસ્ત, આ ત્રણ વાતો મહત્વની હતી. આજે જ્ઞાન અને કર્મનો સમન્વય થઈ ગયો છે, અને સન્યસ્તનો વિલોપ થઈ ગયો છે. એટલે ગીતાના બધા ૭૦૦ શ્લોકને પકડી રાખવાની જરૂર નથી. તેમ છતાં આજની પરિસ્થિતિમાં પણ માર્ગદર્શન આપે એવા ઘણાં બધા શ્લોક છે. બીજી એકવાત મારા ધ્યાનમાં આવે છે. આપણને જે વ્યક્તિમાં શ્રધ્ધા હોય, એ જે વાત કહે એ આપણને ઉપયોગી જણાય છે. એની એ જ વાત, જેનામાં આપણને શ્રધ્ધા ન હોય, એ કહે તો આપણને એ બહુ ઉપયોગી જણાતી નથી. જેમને ગીતામાં શ્રધ્ધા છે, ગીતા એમને જ ઉપયોગી થાય છે.

આ અધ્યાયમાં જ્ઞાનનું મહત્વ સમજાવતાં ગીતા કહે છે, કે જ્ઞાની માણસ હતાશ થતો નથી, અથવા એનું જ્ઞાન એને હતાશામાંથી બહાર નીકળવામાં ઉપયોગી થાય છે. જાગ્યા ત્યાંથી સવાર ગણી, એ આગળ વધી શકે છે.

ગીતામાં અમુક વાતો ફરી ફરીને કહી છે, અલગ અલગ સંદર્ભમાં એ કહેવાઈ છે. પણ જે માણસને એ સમજાઈ જાય, તે આ ૭૦૦ શ્લોકોને સાત વાક્યમાં જીવનમાં ઉતારી શકે એમ છે.

(૫) કર્મ સન્યાસ યોગ

ગીતાના પાંચમાં અધ્યાયમાં કર્મ-સન્યાસયોગની સમજ આપવામાં આવી છે. કર્મ-સન્યાસનો શબ્દાર્થ પકડીએ તો એમ સમજાય કે કંઈપણ કરવાથી દૂર રહેવું, કંઈપણ ન કરવું. માણસ માટે આ કેવી રીતે શક્ય છે? જોવું, સાંભળવું, શ્વાસ લેવો, જમવું, નહાવું-ધોવું, આ બધા એક પ્રકારના કર્મ જ છે. આમાંના કેટલાક કર્મ ઉપર તો આપણું નિયમન અશક્ય છે. શ્વાસ તો લેવો જ પડે, ખોરાક તો લેવો જ પડે. ગીતા આવા કર્મોમાંથી સન્યાસ લેવાનું નથી કહેતી.

સુરેશ દલાલ કહે છે કે ગીતા કર્મનો ત્યાગ કરવા નથી કહેતી, કર્મમાં ત્યાગ કરવા કહે છે. ઘણાં લોકો કહે છે ગીતા સમજવી અઘરી છે. હું કહું છું કે અઘરી કરતાં મુંજાઈ જઈએ એવી છે. આ અધ્યાયની જ વાત લો. કર્મ સન્યાસ એટલે શું? વિનોબા ભાવે એક સરસ ઉદાહરણ આપે છે. તમારી વાતથી નારાજ થઈ એક જણ ગુસ્સામાં તમને ગાળો આપવા લાગ્યો. થોડા સમય પછી એ જ વાત તમે બીજા પાસે કરી. એ પણ નારાજ થયો, અને એણે તમારી સાથે બોલવાનું બંધ કરી દીધું. ગીતા કહે છે કે આ બીજા માણસે કર્મ સન્યાસ લીધો નથી. એના મનમાં તમારા પ્રત્યે ગુસ્સો છે, માત્ર એ વ્યક્ત કરવાની પધ્ધતિ અલગ છે. ગીતા કર્મની વાતમાં પણ મન અને શરીરને અલગ કરીને જોવાની ના પાડે છે.

મનુષ્યે પ્રત્યેક કર્મ, માત્ર પોતાના લાભ માટે જ ન કરવા જોઈએ. એના થોડા કર્મોનો લાભ અન્ય લોકોને થવો જોઈએ. માણસ કંઈ ફળ મેળવવાની લાલચ વગર કોઈ સત્કર્મ કરે તો એને કર્મ-સન્યાસ કહી શકાય. માત્ર પોતાના ફાયદા માટે જ કરેલા કર્મોથી, એક પ્રકારનો રાગ, એક પ્રકારનો મોહ ઉત્પન થાય છે. મોહની કોઈ સીમા નથી. એનો અતિરેક ક્યારેક સર્વનાશ તરફ લઈ જાય છે. બીજું કંઈ નહિં તો પણ આપણે એવા કર્મોના ગુલામ થઈ જઈએ છીએ. આવા કર્મોમાંથી જન્મેલી વાસનાઓથી આપણે બંધાઇ જઈએ છીએ.

સામાન્ય માણસ માટે સંપૂર્ણપણે કર્મ-સન્યાસ શકય નથી. એને જીવતા રહેવા કંઈક તો પોતાના હિતમાં કરવું પડે છે. ગાંધીજી કે વિનોબા જેવા કર્મયોગીઓ પોતે ભલે પોતાના લાભાર્થે કોઈ કાર્ય ન કરતા હોય, પણ એમની જરૂરિયાતો એમના અનુયાયીઓ પુરી કરતા હોય છે. જો એમ ન થાત, તો તેઓ પણ Part Time કર્મયોગી હોત. ગાંધીજી માટે એકવાર સરોજીની નાયડુએ કહ્યું હતું, “ગાંધીજીને ગરીબ રાખવાનું આ ગરીબ દેશને પરવડે એવું નથી.” આની પાછળ ગાંધીજીનું કર્મ-સન્યાસ ટકાવી રાખવા પાછળ અનેક માણસોના કર્મોનો ફાળો હતો એમ ફલિત થાય છે. ગાંધીજીની અને એમની જરૂરિયાતોની સંભાળ રાખવા સશક્ત માણસોની ફોજ હતી.

આજના સંદર્ભમાં, કોઈ વ્યક્તિ સમાજમાં રહી અને પોતાની જરૂરત કરતાં વધારેનું વળતર સમાજના સત્કાર્ય માટે પરત કરે તો એને કદાચ કર્મ-સન્યાસ વાળો કહી શકાય. કારણ કે એના બધા કર્મો એના અંગત સ્વાર્થ માટે નથી. જે કર્મોમાં એનો સ્વાર્થ નથી, જેમાં એની અનાશક્તિ છે, એ કર્મો કદાચ કર્મ-સન્યાસની વ્યાખ્યામાં તંતોતંત નહિં તો એની ખૂબ નજીક તો છે. આવા પ્રકારના કર્મ-સન્યાસ યોગને સમજવા આપણે મન અને ઈન્દ્રીયોનો વિચાર કરવો પડશે.

કર્મ ઈન્દ્રીયોવડે થાય છે, પણ ઈન્દ્રીયો મનના નિર્દેશ પ્રમાણે વર્તે છે. તમારા મનમાં જો ત્યાગવૃતિ હશે, તો જ કર્મ-સન્યાસ શક્ય બનશે. મન અને ઈન્દ્રીયો વચ્ચેનો સંબંધ અટપટો છે. મન ઇન્દ્રીઓના આકર્ષણને વશ થાય છે, કે ઇન્દ્રીયો મન કહે એ પ્રમાણે વર્તે છે? પહેલાં મરઘી કે પહેલાં ઈંડું? બસ આનો ઉકેલ મળી જાય તો ગીતા સમજવી સહેલી પડે. અહીં એટલું ઉમેરવું પડે કે કેટલીક ઇન્દ્રીયો અમુક અંશે સ્વતંત્ર રીતે વર્તે છે. શ્વાસ લેવાની ક્રીયા, પાચનક્રીયા, કાનથી સાંભળવાની ક્રીયા વગેરે વગેરે. આ કર્મોમાં હું કરૂં છું એવી ભાવના નથી. બસ આમ જ અન્ય સારા કર્મો કરવાની આ વાત છે.

આ અધ્યાયમાં બીજી એક અગત્યની વાત જગત પ્રત્યે જોવાની દૃષ્ટીની કરી છે. પોતાના કે પારકાના બેદભાવ વગર સમદૃષ્ટીની વાત કરી છે. આ વાતને નરસિંહ

મહેતાએ “વૈશ્રણવ જન તો તેને રે કહીએ” માં દોહરાવી છે. સુખ બહારથી મળતું નથી, એ તમારા અંતરમાં છે. માણસ માણસ વચ્ચે ભેદભાવ કરવાની પ્રક્રીયા પણ દુખનું એક કારણ છે. આવી અનેક વાતો ગીતાએ આ અધ્યાયમાં કહી છે. આવી જ વાતો બીજા ધર્મોમાં પણ કહેવાઈ છે. અનેક ફીલોસોફરોએ પણ આ જ વાતો કરી છે. શંકા કુશંકા પણ દુખનું કારણ બને છે. આમ પાંચમાં અધ્યાયમાં દુખના કારણરૂપ કર્મોની વાત છે અને એનાથી સન્યાસ લેવાની વાત છે.

(૬) અધ્યાત્મ યોગ

અત્યાર સુધી આપણે વિષાદયોગ, સાંખ્યયોગ, કર્મયોગ, જ્ઞાન-કર્મયોગ અને કર્મ-સન્યાસયોગમાં ડોકિયું કર્યું. ગીતાનો અર્થ અને એની જીવનમાં ઉપયોગીતા, ગીતા સમજવાની કોશીશ કરતી વ્યક્તિની ગ્રહણશક્તિ અને સમજણશક્તિ ઉપર આધાર રાખે છે. અહીં જે હું લખું છું, એ મારા સ્તરનું છે. મારાથી અનેક ગણા સમજદાર અને વિદ્વાન લોકો, ગીતાની ઉપયોગીતા તમને વધારે સારી રીતે સમજાવી શકશે.

આ અધ્યાયની શરૂઆતમાં જ ફરી એકવાર કર્મયોગી અને સન્યાસીની વ્યાખ્યા કરી છે. એ વ્યક્તિ ફળનો ત્યાગ કરીને કર્મ કરે છે એને કર્મયોગી કે સન્યાસી કહેવાય. આ અધ્યાયના ત્રીજા શ્લોકથી ૨૯મા શ્લોક સુધી તપસ્વી, યોગી, સન્યાસી વગેરેના લક્ષણોનું વર્ણન કર્યું છે. મારા જેવા સાંસારિક મનુષ્યને એ સમજીને પણ એનો કોઈ ઉપયોગ નથી, એટલે મેં એની છણાવટ કરી નથી.

આ અધ્યાયનો ૩૦ મો શ્લોક છે,

यो मां पश्यति सर्वत्र सर्वं च मयि पश्यति ।
तस्याहं न प्रणश्यामि स च मे न प्रणश्यति ॥

જે મને સર્વત્ર જુએ છે, અને મારામાં જ બધું જૂએ છે, એમના માટે હું ક્યાંયે દૂર નથી, અને મારાથી એવા લોકો દૂર નથી.

આ અધ્યાય માણસના મનની વાત કરે છે. ગીતા એક રીતે જોઈએ તો માનસશાસ્ત્રનું પુસ્તક છે. માણસના જીવનનો અભિગમ કેવો હોવો જોઈએ, એ સમજાવવા લખાયલું સાહિત્ય છે. મનુષ્યના જીવનની એકે એક પ્રવૃતિ એના મન સાથે સંકળાયલી છે. ખરૂં કહું તો વાણી અને વર્તન ઉપર મનનું વર્ચસ્વ છે.

દુખની વાત એ છે કે મન ચંચળ છે. એ ગમે ત્યારે અસ્થિર થઈ જાય છે. ગીતા, આ મનને સ્થિર કઈ રીતે કરી શકાય એનું સૂચન કરે છે. રાવણના દસ મસ્તકની જેમ અહં, ક્રૂરતા, અન્યાય, લોલૂપતા, ક્રોધ, લોભ, મદ, અદેખાઈ, મોહ અને સ્વાર્થ, મનમાં

જ ઉદભવે છે. સવાલ છે, આ દશ વાતો મન ઉપર કાબુ મેળવે છે કે મન આ દસ વાતો વિપર વિજય મેળવે છે. આ દસ વાતો ઉપર કાબુ મેળવવાની પ્રક્રીયા એ જ ધ્યાનયોગ છે.

થોડુક જ વિચારો તો જણાશે કે આ દસ ક્રીયાઓના મૂળમાં શું છે? ફળની આશા! તમારૂં ધાર્યું ન થાય તો ક્રોધ ! તમારા કરતાં કોઈને વધારે મળે તો અદેખાઈ ! સમજાય છે કે ઉપાય કયો છે? ફળની આશા રાખ્યા વગર કર્મ કરો! ફળની આશા વગરનું કર્મ એ ધ્યાનયોગનો રાજપથ છે. તમે કહેશો કે ત્યાગ કરવા આપણી પાસે કંઈ હોવું તો જોઈએને? કંઈ ન હોય તો ત્યાગ શેનો કરીએ? કંઈ ન હોય છતાં ફળની આશા રાખ્યા વગર જે માણસ કર્મ કર્યા કરે, એ જ તો ખરો ધ્યાનયોગી છે. ફળ આપવાનો અધિકાર કોઈ અદૃષ્ટ શક્તિએ પોતાની પાસે રાખ્યો છે. તમે આશા રાખો કે ન રાખો, તમારા સારા કે ખરાબ કર્મોનું ફળ મળવાનું જ છે, અને તે પણ આ જ જીવનમાં.

આ અધ્યાયમાં કર્મયોગ (સાંસારિક કાર્યો કરતાં) અને કર્મસન્યાસ (આધ્યાત્મિક ધોરણ અપનાવીને કરેલા કર્મો) વચ્ચેનો ફરક સમજાવ્યો છે, અને કર્મયોગની તરફેણ કરી છે. કર્મયોગમાં તમે જ્યારે મનમાં શુધ્ધ વિચાર કરીને કર્મ કરો છો ત્યારે આપો આપ આધ્યાત્મિકતા તરફ ઢળો છો. કર્મસન્યાસ તમે મનને જીતી લીધા પછી જ કરી શકો. બન્ને વચ્ચે ફરક માત્ર મન ઉપર કાબુ મેળવવાનો જ છે. શુધ્ધ કર્મયોગ કરતાં કરતાં કર્મસન્યાસ તરફ પ્રગતિ થઈ શકે.

મન ચંચળ છે. એના ઉપર કાબુ મેળવવો અઘરૂં છે. જ્યારે એ ભટકી જાય ત્યારે સભાનપણે એને ઠેકાણે લાવવો પડે. જ્યારે મન ઉપર સંપુર્ણ કાબુ આવી જાય એવી સ્થિતિને સમાધી કહી શકાય.

ધ્યાનયોગ મનને કાબુમાં રાખવાનો યોગ છે. એમ કરવું મુશ્કેલ જરૂર છે, પણ અશક્ય નથી. ક્ષમાશીલ મનવાળા લોકો આ દિશામાં સારી પ્રગતિ કરી શકે છે. સ્વકેન્દ્રી લોકો

માટે આ યોગસાધના શક્ય નથી. આ યોગ માટે માણસે સુખ-દુ:ખ, માન-અપમાન, નાના-મોટા વચ્ચેનો ગાળો નાનો કરવો પડશે. ઇન્દ્રીઓને વશમાં રાખી, ઈચ્છા ઉપર અંકુશ મેળવવો પડશે. જ્ઞાનયોગ અને કર્મયોગ કરતાં ધ્યાનયોગ થોડો વધારે અઘરો છે. જ્ઞાન અને કર્મ વચ્ચે તાલમેલ કરી, ધ્યાનયોગની દિશામાં પ્રયાણ કરી શકાય.

(૭) જ્ઞાનવિજ્ઞાન યોગ

સાતમો અધ્યાય જ્ઞાન-વિજ્ઞાનયોગ છે. અહીં વિજ્ઞાનનો અર્થ સાયન્સ નથી લેવાનો. અહીં એનો અર્થ છે ચેતના, પ્રજ્ઞા, આપણને પોતાને અંદરથી મળેલું જ્ઞાન. જ્ઞાન આપણને બહારથી આપવામાં આવે છે. બાળક પૂછે, “પપ્પા આ શું છે?” પિતા જવાબ આપે “આ પેન્સિલ છે.” બાળકને એ જ્ઞાન એના પિતા તરફથી મળ્યું. ચેતના કોઈ બહારથી આપતું નથી. બુધ્ધને વડના ઝાડ નીચે બેસીને મળેલી એ ચેતના હતી.

ગીતા સમજવા માટે પરમાત્માને શક્તિ સ્વરૂપે સ્વીકારો તો સમજવું થોડું સરળ થશે. આજે સ્ટીફન હોકીંગ્સ અને અલબર્ટ આઈન્સટાઈન જેવા વિજ્ઞાનીઓએ પણ સ્વીકાર્યું છે કે સમસ્ત બ્રહ્માંડ શક્તિમાંથી જ ઉત્પન્ન થયું છે. બે નાના અણું બોમ્બે હિરોસીમા અને નાગાશાકી શહેરોને નેસ્તનાબુદ કરી દીધા. આવા તો સેંકડો અણું વિસ્ફોટો પ્રત્યેક ક્ષણે સૂર્યમાં થાય છે, જેની ઉર્જા સૂર્યમાળાને મળે છે. અને સૂર્ય તો બ્રહ્માંડના આવા કરોડો સૂર્યમાંનો એક છે. આના ઉપરથી બ્રહ્માંડમાં કેટલી શક્તિ છે, એ બુધ્ધિથી સમજી શકવું મુશ્કેલ છે. આ શક્તિ એ જ ગીતામાં કૃષ્ણે દેખાડેલું વિરાટ સ્વરૂપ છે.

બીજી એક વાત આ અધ્યાયમાં છે. આ બ્રહ્માંડ એક ગતિથી ચાલે છે. જન્મ-મરણ, નિર્માણ-વિનાશ, આ બધું કોણ ચલાવે છે? આપણને જે બધું દેખાય છે, એ બધાને કોણ નિયંત્રિત કરે છે? એ એક શક્તિ છે, જે માળાના સૂત્રની જેમ, દેખાતી નથી, પણ બધા મણકાને એના નિયત સ્થાને રાખે છે.

આ અધ્યાયમાં કૃષ્ણ કહે છે કે પૃથ્વી, જળ, તેજ, વાયુ, આકાશ, મન, બુધ્ધિ અને અહંકાર એમ મારી પ્રકૃતિના આઠ વિભાજન છે. આમાંની પહેલી પાંચ જડ છે, જ્યારે બાકીની ત્રણનો સંબંધ ચેતન સાથે છે. જડ અને ચેતન, દરેકે દરેક તત્વમાં પ્રભુનો અંશ છે, એમ આ અધ્યાયમાં સ્પષ્ટ કર્યું છે.

અહીંથી ગીતા આપણને બુધ્ધિથી સમજાય એવી વાતોમાંથી શ્રધ્ધાથી સમજાય એવી વાતોમાં લઈ જાય છે. આ બધું એક પરમ તત્વ ચલાવે છે એવી વાત આપણને

બુધ્ધિથી ન સમજાય, પણ શ્રધ્ધા રાખીએ તો સમાધાન મળે. માણસનું મન હંમેશાં સમાધાન ઈચ્છે છે. સમાધાન ન થાય ત્યાં સુધી આપણને બેચેની થાય છે. શ્રધ્ધા સમાધાન આપવામાં મદદરૂપ થાય છે.

સંપૂર્ણપણે નાસ્તિક બનીને ગીતા સમજવી મુશ્કેલ છે. અને આવા લોકોએ એ સમજવાની કોઈ જરૂર પણ નથી. કારણ કે આવા લોકોના મનમાં એક અહં છે કે ભગવાન જેવું કંઈ છે નહિં, જે છે તે હું છું. ગીતા કહે છે ઈશ્વર છે, અને એના વગર તું કંઈ નથી. અહીં માત્ર જ્ઞાન કામ નહિં આવે, અહીં ચેતના જ ઉપયોગી થઈ શકે. એકવાર અહંમાંથી મુક્ત થાવ, અને જો તમે આનંદનો અનુભવ કરો તો તમે ઈશ્વરની નજીક જઈ રહ્યા છો, કારણ કે ઈશ્વર પાસે આપણે સુખ અને આનંદ જ તો માગીએ છીએ. આ અધ્યાયમાં જ પ્રભુએ કહ્યું છે કે અસંખ્ય લોકો આધ્યાત્મ સમજવા કોશીશ કરે છે એમાંથી માંડ એકને એ સમજાય છે, અને આવા અસંખ્ય લોકોમાંથી એક જ મને જાણી શકે છે.

પાંચમાં શ્લોકમાં ઈશ્ર્વરના આકારવાળા અને નિરાકાર સ્વરૂપની વાત કહી છે, અને પછીના શ્લોકોમાં કહ્યું છે કે સજીવ-નિર્જીવ બધામાં હું જ છું, મારાથી ઉપર કોઈ નથી. જેમ માળામાં મણકા દેખાય છે, પણ દોરો દેખાતો નથી, એમ બધા મને જોઈ શકતા નથી. અને પછી બ્રહ્માન્ડની એક એક સર્વોત્તમ વસ્તુઓ ગણાવીને કહે છે, એ બધામાં હું જ છું. ત્રણે ગુણોમાં મારી હાજરી છે.

પરમાત્મા કહે છે કે જીજ્ઞાસુ અને જ્ઞાની લોકો મારી ભક્તિ કરે છે, તેઓ મને અત્યંત પ્રિય છે. અહીં એક બીજી પણ સમજવા જેવી વાત કરે છે કે ભલે બધા મને જાણતા નથી, પણ હું બધાને જાણું છું. આપણે નાના બાળકને કહીએ છીએને કે ભગવાન બધું જુએ છે.

પાપી નરકમાં જાય છે એનો અર્થ માત્ર એટલો જ છે, કે પાપ કર્યા પછી તમે જે બેચેની અનુભવો છો, એ તમારૂં જીવન નર્ક સમાન બનાવી દે છે. ગુન્હા કર્યા પછી

ગુનેગાર ચોવીસે કલાક પકડાઈ જવાની બીક હેઠળ જીવે છે. ગીતામાં આવી બધી સીધી-સાદી અને બધાને સમજાય એવી ઘણી વાતો આવે છે.

(૮) અક્ષરબ્રહ્મ યોગ

ગીતાના આઠમા અધ્યાયથી જન્મ-મરણ અને મોક્ષની વાતોની શરૂઆત થઈ જાય છે. આ અધ્યાય અક્ષર બ્રહ્મ વિશે છે. અહીંથી જે વાતો શરૂ થાય છે, એમાં ઈશ્વરમાં શ્રધ્ધા ન રાખનારાઓ માટે કંઈપણ ઉપયોગી વાતો નથી. જે લોકો આત્મા અને મોક્ષ જેવા શબ્દોને અર્થહીન ગણે છે, એમને આ અધ્યાય કંઈ આપી શકે એમ નથી. થોડીક બાંધછોડ કરો અને ભગવાનને બદલે પરમ તત્વ કે પરમ શક્તિ શબ્દો વાપરો તો ઘણું બધું છે.

હું મોક્ષનો અર્થ મુક્તિ ઘણું છું. લોભ, મોહ, ઈચ્છા, અદેખાઈ, અહંકાર, ઈર્ષા, ક્રોધ, વગેરેથી મુક્તિ મેળવવામાં સફળ થાવ તો તમે મોક્ષ પામ્યા છો એવું હું માનું છું. પુનરજન્મની વાતને હું અડવાનો નથી, કારણ કે આપણે ગીતાની આ જન્મમાં ઉપયોગીતા સમજવા આ લેખમાળા શરૂ કરી છે.

અહીં એક શ્લોકમાં કૃષ્ણ કહે છે કે મૃત્યુ સમયે જેના મુખમાં મારૂં નામ છે, એને મોક્ષ મળે છે. આનો એવો અર્થ નથી કે જીવનભર ગમે તેમ વર્તો, પણ મૃત્યુ સમયે પ્રભુનું સ્મરણ કરો તો તમને મોક્ષ મળી જશે. એનો મારા હિસાબે એવો અર્થ છે કે જીવનભર ગીતાએ કહેલા સિધ્ધાંતો પ્રમાણે વર્તો અને આ ક્રમ મૃત્યુ સુધી જાળવી રાખો, તો સમગ્ર જીવન તમને મોક્ષ જેવું લાગશે.

ભગવાનને કોઈએ જોયા નથી, ભગવાન કોઈને મળ્યા નથી, ભગવાન સાથે કોઈએ વાતચીત કરી નથી. આપણે પદાર્થને એક મનુષ્ય આકારની મૂર્તિનું સ્વરૂપ આપીને એને ભગવાન માની લઈએ છીએ. એને મળવા મંદિરમાં આપણે જઈએ છીએ, એની સાથે એકતરફા વાતો કરીએ છીએ (આપણે જ બોલીએ છીએ). આનું એક કારણ એ છે, કે આપણે ભગવાનને શક્તિ સ્વરૂપે સમજવા સશક્ત નથી. જો કે તદ્દન એવી વાત પણ નથી. આપણે સૂર્યને, દરિયાને, વાયુને, અગ્નિને અને આવા અનેક શક્તિઓને દેવતા માનીને પૂજીયે પણ છીએ.

કોઈપણ વાતના સ્વીકાર માટે એક સહેલો રસ્તો છે ભક્તિ. પ્રેમ વગર ભક્તિ સંભવિત નથી. એક ઉદાહરણ આપું. રસ્તાની કોરે એક પથરો પડ્યો છે. લોકોની નજરે પડે છે, પણ મનમાં કોઈ ભાવ આવતો નથી. એક દિવસ એક માણસે એના ઉપર સિંદૂરનો લેપ કરી, એની સામે એક દિવો અને થોડી અગરબત્તી મૂકી દીધી. બીજે દિવસે તમે એ જ પથ્થર પાસેથી પસાર થાવ છો, અને Reflux action થી તમારા હાથ જોડાઈ જાય છે. તમારી બુધ્ધિ તમને કહે છે કે એ પથ્થર છે, પણ સિંદુર, દીવો અને અગરબત્તીએ તમારૂં મન બદલી નાખ્યું. બસ વાત આ મનના બદલાવની જ છે.

મૂળવાત પર આવું. ઈશ્વર, બ્રહ્મ, શક્તિ એ બધી વાતો સામાન્ય માણસને સમજવી અઘરી પડે, પણ એનો સ્વીકાર તો કરી શકાય. ઉત્પતિ, વિકાસ અને વિલય થાય છે, એ તો આપણને દેખાય છે ને. કોઈક તો આ કરતું હશે. બસ એની શક્તિને કબૂલ કરો, અને પછી આગળના અધ્યાય સમજો, તો કંઈક સમજાશે. એ નિર્ગુણ અને નિરાકાર તત્વનો સ્વીકાર આપણી ઘણી બધી આશંકાઓનું સમાધાન શોધી આપશે. હાલમાં મહાન વિજ્ઞાનિકો પણ આવા જ નિષ્કર્ષ ઉપર આવી ગયા છે.

સ્વર્ગ પણ અહીં જ છે, અને મોક્ષ પણ અહીં જ છે. જે પરલોક સુધારવા ગીતાને અનુસરે છે, એ ગીતાનો અર્થ સમજ્યા જ નથી, અને એટલે એ ગીતાના આદેશ પ્રમાણે જીવતા જ નથી. માત્ર જ્ઞાન, માત્ર કર્મ, માત્ર ત્યાગ તમને આ જીવનમાં પણ મોક્ષ નહિં અપાવે અને આવતા જનમમાં (જો હોય તો) નહિં અપાવે. એને બદલે વિષાદ ત્યાગી, મોહ-માયામાં અટવાયા વગર, જ્ઞાન, કર્મ અને ત્યાગ વચ્ચે સમતુલા રાખો, તો અઠ્ઠે દ્વારકા.

## (૯) રાજવિદ્યા-રાજગુહ્ય યોગ

નવમાં અધ્યાયનો વિષય છે રાજવિદ્યા-રાજગુહ્ય યોગ. અહીં બે શબ્દો અમસ્તા જ નથી વાપર્યા. આપણે રોજીંદા વ્યહવારમાં પણ રાજ શબ્દ, સર્વોત્તમના પર્યાય તરીકે વાપરીએ છીએ. દા.ત. રાજમાર્ગ, રાજશાહી ઠાઠ. બીજો શબ્દ છે ગુહ્ય. આ શબ્દને લીધે જ અનેક ગીતાના વિદ્વાનો, ગીતા સમજવી અઘરી છે એમ કહે છે. લેક્ષિકોનમાં ગુહ્ય શબ્દનો અર્થ છુપું, ગુપ્ત, ન સમજાય એવું, એમ આપેલું છે. કાવત્રાં ગુપ્ત રાખો એ સમજી શકાય, પણ સારી વાત શા માટે ગુપ્ત હોવી જોઈએ? બસ ગીતાની આવી વાતો પકડી, બાવાઓ, બાપુઓ, શાસ્ત્રીઓ અને અન્ય ગીતાના વિદ્વાનો, ગીતાના એક એક શ્લોક ઉપર રોજના પાંચ છ કલાકના હિસાબે, એક અઠવાડિયા સુધી બોલે રાખે છે. હું એમાંનું કંઈ સમજ્યો નથી. મારી સમજ સીધી સાદી છે, જે આપણને પોતાની મેળે સમજાય અને જીવનમાં અપનાવવા જેવું લાગે, આપણા માટે ગીતાનો એટલો જ ઉપદેશ છે.

આ અધ્યાયમાં પરમાત્માનું અવ્યક્ત સ્વરૂપ છે. એટલે ચોથાથી દસમાં શ્લોક સુધી મને કંઈ સમજાયું નથી. ચૌદમાં શ્લોકથી ઈશ્વર પ્રાપ્તિના એટલે કે જીવનમાં સુખ, શાંતિ અને આનંદ મેળવવાના, ઉપાયો વર્ણવ્યા છે. આ ઉપાયોમાં ભક્તિ, કીર્તન, ઈન્દ્રીયો ઉપર સંયમ, જ્ઞાનપ્રાપ્તિ, વગેરે દર્શાવ્યા છે.

આગળ જતાં કહે છે, અન્ન, ઔષધ, બધા વેદ, પિતા, માતા, You name it, આ બધું હું જ છું. અહીં હું નો અર્થ સમજાય તો બધું જ સાચું છે. ન સમજાય તો કશું Logical નથી. એક જ વ્યક્તિ પિતા પણ હોય અને માતા પણ હોય એ કેમ બને? આવા Logic સાથે જીવન વિતાવતા લોકો માટે આ અધ્યાયમાં કશું નથી. ફરી કહું છું, ઈશ્વર શબ્દને સ્થાને એક અદભૂત, અકળ અને વિરાટ શક્તિને મૂકો તો બધું Logic માં પણ બેસસે અને ઉપયોગી પણ થશે. આ અધ્યાયને ગુહ્ય કદાચ એટલા માટે જ કહ્યું હશે કે સામાન્ય માપદંડથી મુલવશો તો કંઈ નહિં કોઠે પડે.

૨૯ મા શ્લોકમાં કહે છે, મારો કોઈ શત્રુ નથી, કોઈ મિત્ર નથી, હું બધા જીવોમાં સમભાવ રાખું છું. આનો અર્થ સાદો સીધો એક જ થાય, કરશો તેવું પામશો. ૩૨ મા શ્લોકમાં કહે છે કે જન્મના સંજોગો બદલીને જીવનમાં પ્રગતિ કરી શકાય છે. રસ્તો ભક્તિ, જ્ઞાન અને કર્મના સિધ્ધાંતોમાં સમાયલો છે.

ગીતા સહિત આપણાં ધર્મગ્રંથોમાં પુનરજન્મ અને ચોરાસીલાખના ફેરાની વાતો આવે છે. આ વાતો ફકત આ જન્મ વિષે જ વિચારો, ખૂબ શાંત ચિત્તે વિચારો, તો તમને એ સાચી લાગશે. એક અકસ્માતમાંથી બચી ગયેલા માટે આપણે આજે એનો નવો જનમ થયો, એમ સહેજ રીતે બોલીએ છીએ. એક ગરીબ માણસ, એક જ જીવનમાં અતિ ધનવાન થઈ જાય, તો એને બે જનમ જેવું નહિં લાગે? કોઈ અભાગીયાને કે કોઈ ગુન્હેગારને પૂછી જોજો કે એને કેવા ચક્કર લગાવવા પડે છે? આ લાખ ચોરાસીના ફેરા જેવું નથી લાગતું?

આ અધ્યાયમાં પણ ગીતા સારૂં જીવન વિતાવવા વિષે જ ઉપદેશ આપે છે, એમાં ગુહ્ય કશું જ નથી. આ પહેલાના આઠ અધ્યાયમાં કહી ચૂકેલી વાતોના સમર્થનમાં અઘરી લાગે એવી પધ્ધતિ અપનાવીને એ વાતો ફરી કહી છે.

## (૧૦) વિભૂતિ યોગ

દસમા અધ્યાયનું નામ વિભૂતિયોગ છે. આપણે બધા વ્યક્તિ છીએ. વિભૂતિ એટલે વિશેષ વ્યક્તિ. ગૌતમ બુધ્ધ અને મહાવીર વિભૂતિ હતા અને એટલે આટલા વર્ષો પછી પણ પૂજાય છે. વિભૂતિ બનવા જ્ઞાનયોગ અને કર્મયોગ અનિવાર્ય છે.

આ ધ્યાયમાં કૃષ્ણ અર્જુનને કહે છે કે તું તો શું, પણ મોટા મોટા ઋષીઓ અને મહાજ્ઞાનીઓ પણ મને ઓળખી શક્યા નથી એવું હું પરમ તત્વ છું. પરમેશ્ર્વર અજન્મા છે, અને જેનો જન્મ નથી એનું મૃત્યુ શી રીતે થઈ શકે. એ એટલો વિશાળ છે કે એની શરૂઆત, મધ્ય કે અંત જોવો શક્ય જ નથી. આનો સીધોસાદો અર્થ ગીતા આપણને કહે છે, મને ઓળખવાની માથાફૂટ મૂકી દયો, હું એક પરમ શક્તિ છું એનો સ્વીકાર કરો. મને ઓળખવા માટે તમારૂં આયખું ઓછું પડશે.

આખા અધ્યાયમાં આપણને સમજાવવામાં આવ્યું છે કે સૃષ્ટીમાં તમને જે જે વસ્તુ શ્રેષ્ઠ લાગે છે, તેમાં હું જ છું. શરૂઆત મનમાં ઉત્પન્ન થતા ભાવથી કરે છે, બુધ્ધિ, તત્વજ્ઞાન, ક્ષમા, સત્ય, અભય, અહિંસા, સમતા, તૃપ્તિ, દાન, યશ વગેરે વગેરેમાં હું જ છું. વેદ-પુરાણોમાં વર્ણવેલા ઋષિ-મુનિયોમાં હું જ છું. બધા અવતારોમાં હું જ છું. હું જ જળ છું, હું જ વાયુ છું, હું જ પવિત્ર વૃક્ષ પીપળો છું, આમ એક પછી એક આપણે જાણતા હોઈએ એવી દરેકે દરેક વસ્તુ કે જીવનું લીસ્ટ આપીને કહે છે કે આ બધા મારા જ સ્વરૂપો છે. વાત આ “હું” ને સમજવાની છે.

આ “હું” નો સાદો અર્થ જીવમાત્ર અને પ્રકૃતિમાં સર્વત્ર જો ઈશ્વરના દર્શનની અનુભુતિ કરીએ તો જીવનમાં આનંદ છવાઈ જાય. મારી મા ઈશ્વર છે (માતૃદેવો ભવ), આ ગુરૂ મારા ઇશ્વર છે (આચાર્યદેવો ભવ), આ સૂર્ય મારો ઈશ્વર છે એના વગર જીવન શક્ય જ નથી, વગેરે વગેરે. બસ દરેક વ્યક્તિમાં અને પ્રકૃતિના દરેક રૂપમાં પરમાત્માની અનુભુતિ થાય, તો અંતરમાં આનંદ અને સુખની અનુભુતિ થાય.

આજે એ જ વાત વિજ્ઞાન કહે છે. E = mC2. જીવિત કે નિર્જીવ પદાર્થ અને શક્તિ વચ્ચેનું સમીકરણ. એક નાનકડા યુરેનિયમના કણમાં સમાયલી પ્રચંડ શક્તિ આપણે એટમ બોમ્બમાં જોઈ, અને એ જ શક્તિનું વિદ્યુતમાં રૂપાંતર કરી, માનવજાતિ માટે એનો કલ્યાણકારી ઉપયોગ પણ જોયો.

આ અધ્યાયમાં ગીતાએ આ જ સત્ય સમજાવ્યું છે, કે દરેકે દરેક પદાર્થમાં શક્તિ છે, એ શક્તિ એટલે જ ઈશ્વર.

અહીં બીજી એક વાત ફલિત થાય છે, અને એ વાત છે સમતા. “ઘાટ ઘડ્યા પછી નામરૂપ જુજવા, અંતે તો હેમનું હેમ હોયે.” કેટલાયે ભેદભાવ આપણે સર્જેલા છે, નહિં તો એ બધામાં એક જ તત્વ રહેલું છે, શક્તિ. ગીતા સમજાય તો કાળા-ગોરા, હિન્દુ-મુસલમાન આ બધા ભેદ મનમાંથી નાબુદ થઈ જશે.

આપણે વ્યક્તિમાંથી વિભૂતિ કદાચ ન થઈ શકીએ, પણ એ થવા માટેના જરૂરી ઉપાયો સમજી શકીએ તો ગીતા અમુક અંશે સમજ્યા એમ કહી શકીએ.

આ અધ્યાયમાં, અગિયારમાં અધ્યાયમાં આવનારા વિરાટ સ્વરૂપ માટે પાળ બાંધી છે.

## (૧૧) વિશ્વરૂપ યોગ

વિષાદમાં ડૂબેલા અર્જુનને યુધ્ધ કરવા પ્રેરિત કરવા, શ્રી કૃષ્ણે ગીતાનું જ્ઞાન આપવાનું શરૂ કર્યું. દસ અધ્યાયમાં કૃષ્ણે અર્જુનને કર્મયોગ, જ્ઞાનયોગ અને ભક્તિયોગની વાતો કહેવા ઉપરાંત, પોતે કોણ છે એના અનેક ઈશારા કર્યા. પણ અર્જુન તો શંકાઓનું સમાધાન શોધવા પ્રશ્ન કરતો રહ્યો. અહીં અગીયારમાં અધ્યાયમાં આખરે કૃષ્ણે નક્કી કર્યું કે હવે આને ખાત્રી કરાવવા હું મારૂં વિરાટ સ્વરૂપ દેખાડી જ દઉં, કે જેનાથી એના મનમાં શંકા ન રહે, અને હું કહું છું એ બધું આખરી સત્ય છે એમ માનવા તૈયાર થાય.

આનું એક કારણ એ પણ હોઈ શકે કે અત્યાર સુધી કૃષ્ણ અર્જુન સાથે મિત્રની જેમ વર્ત્યા હતા. વળી કૃષ્ણ સંબંધમાં અર્જુનના સાળા હતા. આ ક્ષણે એ એના રથના સારથી હતા, એટલે અર્જુન ઉપર પૂરતી અસર નહિં થતી હોય. પોતાનો વિરાટ સ્વરૂપ જોયા પછી, એ સમજી જાય કે આ બધું કહેનાર કોણ છે.

આવું આપણા સામાન્ય જીવનમાં પણ થતું હોય છે. કોઈ પરચો દેખાડ્યા વગર, કે કોઈ પુરાવો દીધા વગર, અસામાન્ય વાત સ્વીકારવા લોકો તૈયાર થતા નથી.

આ અધ્યાયમાં ઈશ્વરના વિરાટ સ્વરૂપનું વર્ણન વાંચીને બધાનો અભિપ્રાય એક સરખો નહિં બંધાય. મેં એનો સીધો સાદો અર્થ એ કર્યો કે કલ્પનાતિત વિશાળ, એટલું વિશાળ કે એ ક્યાંથી શરૂ થાય છે, અને ક્યાં પુરૂં થાય છે એ સમજવું અશક્ય થઈ જાય, સૌમ્ય અને રૂદ્ર બન્નેનું સમન્નવય, હજારો સૂર્યના તેજ જેવું પ્રકાશિત, દેવો અને દાનવો બન્નેની યાદ અપાવે એવું સ્વરૂપ, ઈન્દ્ર અને ઋષિઓ બન્ને સાથે દેખાય, આ બધું એટલા માટે વર્ણવ્યું છે કે આપણી જાણમાં બ્રહ્માંડમાંની બધી જડ અને ચેતન વસ્તુઓ એમાં આવી જાય. ટુંકમાં દરેકે દરેક ચીજમાં ઈશ્વર છે, અર્થાત શક્તિ (Energy) છે.

બીજી એક વાત આડકતરી રીતે કહી છે કે ઈશ્વરને જોવા (પામવા) દિવ્ય દૃષ્ટી જોઈએ. આ દિવ્ય દૃષ્ટી કાંતો જ્ઞાનથી મળે અને કાંતો ભક્તિથી મળે. તમારૂં મન, તમારૂં અંતકરણ એટલું શુધ્ધ હોય, એટલું વિશાળ હોય, તો જ તમે ઈશ્વરના સ્વરૂપને સમજી શકો.

એક શ્લોકમાં વિરાટના મોં માંથી નીકળતા અગ્નિની વાત કરી છે. એ અગ્નિવાળા મુખમાં જેમ નદી દરિયામાં વિલીન થઈ જાય, તેમ મનુષ્યો, પ્રાણીઓ વગેરે એ અગ્નિવાળા મુખમાં વિલીન થઈ જાય છે. એને કાળ કહ્યો છે. આપણે મૃતદેહને અગ્નિને સોંપીએ છીએ. બધીવાતોમાં સાંઠગાંઠ દેખાય છે ને? કલ્પના કરો તો આ ચિત્ર આજે પણ છે. પ્રત્યેક ક્ષણે, કેટલાય લોકો, વૃધ્ધાવસ્થા, બિમારી, ભૂખમરો, યુધ્ધ, કોમીદંગા વગેરેથી કાળનો કોળિયો બને છે. ગીતામાં કહ્યું છે, એમાંની ઘણી વાતોનો આજે પણ સંદર્ભ મળે છે.

આ અધ્યાયમાં બીજી એક સમજવા જેવી વાત કહી છે. બ્રહ્માંડનું સ્વરૂપ એટલું તો વિશાળ અને વિરાટ છે કે અર્જુન જેવો વીર પુરૂષ પણ ધ્રુજી ઊઠ્યો, તો સામાન્ય માણસનું તો શું ગજું? સામાન્ય માણસ એટલે જ ઈશ્વરને સુંદર મૂર્તિઓના રૂપમાં આરૂઢ કરી, એની પૂજા કરે છે.

અહીં કોઈ એક પ્રશ્ન પુછશે કે દશ અધ્યાય કહ્યા પછી આ વિરાટ સ્વરૂપ શા માટે દેખાડ્યું, શરૂઆતમાં જ દેખાડી દીધું હોત તો આખી ગીતા કહેવી ન પડતને? અહી પણ એક સમજવા જેવી વાત છે. જીંદગી આપણને સુધરી જવાના અનેક સૌમ્ય મોકા આપે છે, છતાંય ન સમજો તો તમને કઠોર અંત તરફ લઈ જાય છે. વિચારો તો ગીતામાં બધી વાતોના ખુલાસા છે.

(૧૨) ભક્તિ યોગ

બારમો અધ્યાય ભક્તિયોગ છે. ઈશ્વરના વિરાટ સ્વરૂપનું દર્શન કર્યા પછી, અર્જુનને સમજાઈ ગયું કે જીવન ઉપયોગી બધી વાતો સમજી લેવાનો એક અજોડ મોકો મળ્યો છે, એનો પુરેપુરો ઉપયોગ કરી લેવો જોઈએ. એટલે doubting અર્જુનની જગ્યાએ જીજ્ઞાસુ અર્જુન, શિષ્ય ભાવે બધું સમજી લેવા, પ્રશ્નો પુછવાનું ચાલુ રાખે છે. બારમા અધ્યાયના પહેલા શ્લોકમાં જ અર્જુન પૂછે છે,

એવં સતતયુક્તા યે ભક્તાસ્ત્વાં પર્યુપાસતે,

યે ચાપ્યાક્ષરમવ્યક્તં તેષાં કે યોગવિત્તમા.

નિરંતર તમારૂં ધ્યાન ધરતા ભક્તો તમને સગુણ સ્વરૂપે પૂજે છે, અને જે લોકો તમારા નિર્ગુણ સ્વરૂપની ઉપાસના કરે છે, એ બે માંથી શ્રેષ્ઠ યોગવેતા કોણ છે?

કૃષ્ણ બીજા શ્લોકમાં જ એનો જવાબ આપી દે છે,

મય્યાવેશ્ય મનો યે માં નિત્યયુક્તા ઉપાસતે,

શ્રધ્ધયા પરયોપેતાસ્તે મે યુક્તમા મતાઃ

જેઓ મનને એકાગ્ર કરી, નિરંતર ધ્યાન ધરી, શ્રધ્ધાથી મારી ઉપાસના કરે છે, એમને હું શ્રેષ્ઠ યોગવેત્તા માનું છું.

ગીતાના ૧૫ માં અધ્યાય પછી સર્વાધિક ચર્ચાતો અધ્યાય છે ૧૨ મો અધ્યાય. આ અધ્યાયમાં ભક્તિની સમજ આપવામાં આવી છે. એક જ લક્ષ્ય ઉપર પહોંચવાના અલગ અલગ રસ્તા હોઈ શકે, એવી જ રીતે જીવનમાં સુખ, શાંતિ અને આનંદ મેળવવા ભક્તિના અનેક પ્રકાર આપણાં ધર્મગ્રંથોમાં આપેલા છે. સર્વાધિક વર્ણવેલા પ્રકાર છે, ત્રિગુણ ભક્તિ, અને નવધા ભક્તિ. ત્રિગુણ ભક્તિના ત્રણ પ્રકાર છે સગુણ ભક્તિ, નિર્ગુણ ભક્તિ, અને પરા ભક્તિ. પરા ભક્તિ એટલે પ્રેમલક્ષણા ભક્તિ. આનો સચોટ દાખલો ગોપીભાવ.

અહીં સગુણ અને નિર્ગુણ ભક્તિની વાત કરીએ એ પહેલા વિગતમાં ઉતર્યા વગર નવધા ભક્તિ ગણાવી દઉં. આ નવ પ્રકાર છે, શ્રવણ, કીર્તન, સ્મરણ, પાદસેવન, અર્ચના, વંદના, મૈત્રી(સખાભાવ), દાસ્ય અને આત્મનિવેદન.

ગીતા ફરી ફરી ઈશ્વરપ્રાપ્તિ માટે જ્ઞાન, કર્મ અને ભક્તિની વાતો કરે છે. નરસિંહ અને મીરાંએ ભક્તિનો માર્ગ અપનાવ્યો હતો. ભક્તિ માટે શ્રધ્ધા જરૂરી છે. શ્રધ્ધા વગર ભક્તિ થઈ જ ન શકે, હા પૂજા વિધિ થઈ શકે. પૂજા કરવી અને ભક્તિ કરવી એ બે તદ્દન અલગ વસ્તુઓ છે. પૂજામાં શરીરનો વધારે ઉપયોગ થાય છે, ભક્તિમાં મનનો. મન અતિ ચંચળ છે. ઈન્દ્રીયોનો મન ઉપર કાબુ હોય ત્યાં સુધી ભક્તિ શક્ય નથી, ઈન્દ્રીયો ઉપર મનનો કાબુ આવી જાય ત્યારે ભક્તિની શરૂઆત શક્ય છે.

હવે મૂળ વાત ઉપર આવીએ. સગુણ ભક્તિ સારી કે નિર્ગુણ ભક્તિ સારી. તમારા મારા જેવા માણસો સગુણ-નિર્ગુણનો અર્થ સમજવાની માથાકુટમાં પડ્યા વગર સગુણથી શરૂકરી નિર્ગુણ ભક્તિમાં પહોંચી જાય છે. ગણપતિની મૂર્તિ ઘરમાં લાવી, દસ દિવસ એની સગુણ પૂજા કરી, દસમે દિવસે એને જળસમાધી આપી દઈએ છીએ, અને કહીએ છીએ, “બાપા હવે અમે તમને ઓળખીએ છીએ, તમારી મૂર્તિ વગર પણ અમે તમારી ભક્તિ બારેમાસ કરી શકવા સમર્થ છીએ.” અને આપણે બારેમાસ ગણપતીની ભક્તિ કરીએ પણ છીએ. નવરાત્રીમાં શક્તિના અલગ અલગ રૂપ જોઈ, દશમે દિવસે એને પણ પાણીમાં પધરાવી આવીએ છીએ. આપણે શક્તિને જાણી ગયા છીએ, એની મૂર્તિ વગર પણ આપણે માતાજીની ભક્તિ કરી શકીએ છીએ. બસ આ જ છે, સગુણ અને નિર્ગુણ ભક્તિની સહેલી વ્યાખ્યા. જપ, તપ, ભજન, કીર્તન, આ બધા નિર્ગુણ ભક્તિના પ્રકાર છે.

આ અધ્યાયમાં પણ ત્રણે Options આપવામાં આવ્યા છે. સારા કર્મ કર, અથવા સારૂં જ્ઞાન પ્રાપ્ત કર, અથવા કોઈપણ પ્રકારની ભક્તિ કર. આ અધ્યાયમાં ભક્તિ કરનારમાં કયા ક્યા ગુણ હોવા જોઈએ, એ પણ સમજાવ્યું છે. ત્યાગ, સંયમ, શ્રધ્ધા, રાગદ્વેશથી મુકત વગેરે વગેરે.

ગીતામાંથી જીવન જીવવાની કળા શોધી શકો તો ગીતા ઉપયોગી થાય, માત્ર રટણ કરવાથી કોઈ ફાયદો નથી.

(૧૩) ક્ષેત્ર ક્ષેત્રજ્ઞ યોગ

તેરમા અધ્યાયમાં શરીરની વાત કરવામાં આવી છે. શરીરને એક ક્ષેત્ર એટલે કે ખેતર સાથે સરખાવવામાં આવ્યું છે. અહીં શરીર માટે ક્ષેત્ર (ખેતર) શબ્દ વાપરી, ગીતા એ એક Master stroke નો પરિચય કરાવ્યો છે. ખેતરમાં ઘણી બધી વસ્તુઓ ઊગે છે, એમ શરીરમાં (અને મનમાં) ઘણી બધી વસ્તુઓ ઊગે છે. પ્રેમ, ક્રોધ, ઇર્ષા, અભિમાન, તિરસ્કાર, રોગ અને બીજી કેટલીયે લાગણીઓ ગણાવી શકાય. ખેતરને સિંચનની જરૂર છે, તેમ આ ક્ષેત્રને પણ જ્ઞાનના સિંચનની જરૂર છે, આ સિંચન વગર સારો પાક મળે જ નહિં.

ખેતર હોય તો એનો કોઈ માલિક પણ હોય. સામાન્ય વાતચીતમાં આપણે કહીએ છીએ આ મારૂં શરીર છે. ગીતા તમને માલિક નહીં પણ લીઝ હોલ્ડર સમજે છે. શરીર વિશાળ સંખ્યાની કોશીકાઓનું બનેલું છે. આ ઓર્ગેનિક કોશીકાઓ અનેક તત્વોની બનેલી છે. આ તત્વોના અણુઓ શક્તિનું રૂપાંતર છે. (ફરી આઇન્સટાઈનની E=mC2). એટલે શરીરની માલીકી શક્તિની છે. ગીતામાં આ શક્તિને ઈશ્વર તરીકે ઓળખાવવામાં આવી છે.

ગીતાની શરૂઆતમાં બે શબ્દો વાપરવામાં આવ્યા છે, કુરૂક્ષેત્ર અને ધર્મક્ષેત્ર. આપણે મોટેભાગે જીવનભર સંઘર્ષ કરતા રહી, જીવનને કુરૂક્ષેત્ર બનાવી દઈયે છીયે. ગીતા કહે છે કે જીવન ધર્મક્ષેત્ર પણ બની શકે.

શરીરના વિકારો તરીકે ગીતા ઈન્દ્રીયોના, વાણીના, મનના અને બુધ્ધિના વિકારો ગણાવે છે. ઈચ્છા, ધિક્કાર, સુખ, દુખ, માન, અપમાન આ બધાં મનના વિકારો છે. ટુંકમાં બધી અઘટિત પ્રવૃતિઓને વિકારો તરીકે વર્ણવી છે.

આ અધ્યાયમાં ગીતાએ જ્ઞાની કોને કહેવાય એ પણ સમજાવ્યું છે. અભિમાની ન હોય, દંભી ન હોય, અસ્વચ્છ ન હોય, નિર્દય ન હોય, ઇન્દ્રીય સુખને જ સર્વોત્તમ ન માનતો

હોય, કામ અને ક્રોધથી દૂર રહેનાર હોય, ધીરજવાળો હોય, ગુરૂને માન આપવાવાળો હોય, સમાજનો પ્રીતિપાત્ર હોય અને ભક્ત હોય એ જ્ઞાની છે.

અહીં ફરી એકવાર અનાશક્ત કોને કહેવાય એ વાત બેવડાવે છે. ગીતા પ્રમાણે કર્મ એટલે ફળની ઇચ્છા વગરનું અને ફળના ત્યાગની ભાવના વાળું કર્મ. સામાન્ય માણસ માટે આ અશક્ય નહિં તો અઘરૂં તો જરૂર છે. આ અધ્યાયમાં ફરી ઇશ્વર પ્રાપ્તિના ત્રણે રસ્તાની વાત પણ કરી છે. ગીતામાં એકની એક વાત વારંવાર શા માટે કરી છે, એ પણ મારી સમજણ શક્તિની બહાર છે. હું અહીં એ વાતો ફરી નથી કહેવાનો. મારો આશય ગીતામાંથી મને સમજાય એવું અને મારા જીવનમાં અપનાવી શકાય એવું જ શોધું છું.

અંતમાં ઈશ્વરની સરખામણી સૂર્ય સાથે કરતાં કહે છે કે સૂર્ય એક જ જગ્યાએ છે છતાં આખી દુનિયામાં પ્રકાશ પાથરે છે, એમ ઈશ્વર પણ સમગ્ર વિશ્વને ચલાવે છે.

(૧૪) ગુણત્રયવિભાગ યોગ

અધ્યાયની શરૂઆતમાં જ જ્ઞાનના મહત્વની યાદ અપાવીને ગીતા કહે છે કે જ્ઞાનથી ઋષિમુનિઓ પરમ સિધ્ધિને પામ્યા છે, અને મુક્તિ પામ્યા છે. અને પછી આ અધ્યાયના વિષય ઉપર આવે છે.

આ અધ્યાયનું નામ છે ગુણત્રયવિભાગ યોગ. ગીતા કહે છે કે પ્રત્યેક મનુષ્યની વાણી, વર્તન અને જીવનના પ્રત્યેક કર્મમાં સત્વ, રજશ અને તમસ, આ ત્રણ પ્રકારના ગુણ-અવગુણ જોવા મળે છે. આ ગુણોના મૂળમાં માણસની ઇન્દ્રીયો અને આસક્તિ જ કારણભૂત છે. સાત્વિકગુણ નિર્મળતાનું પ્રતિક છે. સાત્વિક માણસ ઉપદ્રવ રહિત અને જ્ઞાની છે. રાજસિકગુણના મૂળમાં આસક્તિ છે, ઇચ્છાઓ છે અને એ ઈન્દ્રીયોની સુખપૂર્તિ માટે છે, પણ એમાં અમુક અંશે મર્યાદા છે. તામસિકગુણ અમર્યાદ છે. એમાં જ્ઞાનનો સદંતર અભાવ છે. એના મૂળમાં લોભ છે, મોહ છે, સારા કર્મનો અભાવ છે. એના ઉપર સંપૂર્ણપણે ઈન્દ્રિયોનું વર્ચસ્વ છે.

સત્વગુણ જ્ઞાનની દિશામાં લઈ જાય છે. એનાથી સુખ ઉપજે છે, રજોગુણથી કર્મમાં મન લાગે છે, ગૃહસ્થી જીવન જીવવા માટે ક્યારેક એ જરૂરી થઈ જાય છે. તમોગુણ કર્તવ્યવિમુખ બનાવી, વિનાશની દિશામાં લઈ જાય છે. પ્રત્યેક મનુષ્યમાં આ ત્રણે ગુણ છે. સવાલ કયા ગુણનું વર્ચસ્વ છે એનો છે. આજના સંદર્ભમાં જેનું સત્વગુણ, રજસ અને તમસ ઉપર અંકુશ રાખે છે એ સજ્જન પુરૂષ ગણાય છે. જેમાં રજસનું વર્ચસ્વ છે એ વ્યહવારૂ અને વેપારી ગણાય છે, અને જેના ઉપર તમસે સંપૂર્ણ કબ્જો જમાવી રાખ્યો છે એ દુર્જન છે.

સાત્વિક માણસને સારે માર્ગે ચાલવાની પ્રેરણા અંદરથી મળે છે. રાજસિક માણસ બુધ્ધિથી વિચારીને માર્ગ શોધવા પ્રયત્ન કરે છે. તામસિક માણસ રાહમાં ભટકી જાય છે.

જે સમયમાં ગીતા લખાઈ છે, એ સમયની વિચારધારા અનુસાર આ અધ્યાયમાં પણ આલોક અને પરલોકની વાતો છે. આ જન્મ અને આવતા જન્મોની વાતો છે, એની ચર્ચા મેં અહીં કરી નથી.

૨૨ મા શ્લોકમાં અર્જુનના સવાલના જવાબમાં કૃષ્ણ કહે છે કે જે મનુષ્ય ત્રણેગુણોથી પર છે, જેનામાં આસક્તિ નથી, સુખ-દુખને સમાન ગણે છે, જ્ઞાની અને અજ્ઞાની બન્ને પ્રત્યે પ્રેમભાવ રાખે છે, જે ધીરજવાળો છે, જેના માટે માન-અપમાન વચ્ચે કોઈ ફરક નથી, જેણે કર્મોનું વર્ગીકરણ રાખ્યું નથી એ ગુણાતીત છે. એને ગુણોના વિભાગમાં બાધી શકાય નહિં.

(૧૫) પુરૂષોત્તમ યોગ

આ અધ્યાયને પુરૂષોત્તમયોગ નામ આપવામાં આવ્યું છે. અધ્યાયના પહેલા શ્લોકમાં એક અલૌકીક વૃક્ષનું વર્ણન કરવામાં આવ્યું છે. આ વૃક્ષના મૂળ સૌથી ઉપર છે, એની નીચે શાખાઓ છે, અને સૌથી નીચે પાંદડા છે. આપણે જે વૃક્ષ જોવા ટેવાયલા છીએ એના કરતાં આ ઉંધું લાગે છે. આ વૃક્ષ સાંકેતિક છે. આપણે વંશવૃક્ષ શબ્દ વાપરીએ છીએ, એમાં કૂળનું મૂળ સૌથી ઉપર છે, અને પછી નીચે વંશનો વિસ્તાર થતો જાય છે. આજકાલ મોટી કંપનીઓમાં ચેરમેન કે સી.ઈ.ઓ. સૌથી ઉપર છે, પછી મેનેમેન્ટ અને સૌથી નીચે શેરહોલ્ડરો હોય છે. કદાચ અહીં પણ એવો જ સંકેત છે.

કેટલાક લોકોએ આ વૃક્ષને પીપળા સાથે સરખાવ્યો છે તો કેટલાકે એને વડ સાથે સરખાવ્યો છે. અહીં શાખાઓ નવા મૂળ લે છે એવું વકતવ્ય સાવે છે, એટલે એની વડ સાથેની સરખામણી વધારે યોગ્ય છે.

આમાં મૂળ એટલે પરમાત્મા એવો અર્થ કરી શકાય. શાખાઓ એટલે વેદો, પુરાણો (જેમાં જીવનના ઉચ્ચ નિયમો આપેલા છે), અને પર્ણો એટલે વેદ-પુરાણોના શ્લોકો (છંદો). ગીતાની ખૂબી એ જ છે કે સૌ પોત પોતાની રીતે અર્થ કરી શકે. અહીં તો સ્પષ્ટ કહી દેવામાં આવ્યું છે કે માત્ર વેદના નિષ્ણાતો જ આ સમજી શકે છે.

આ શ્લોકમાં બીજી બે વાતો સમજાય છે. જેમ જેમ તમે મૂળથી દૂર જાવ છો તેમ તેમ તમારી સત્તા (અને તમારામાં રહેલું સત્ત્વ) ઘટે છે. બીજીવાત, શાખાઓ જમીન તરફ આગળ વધી, જમીનમાં નવા મૂળ નાખી, વિસ્તરે છે. આ વિસ્તાર એટલે મોહ, ઈચ્છા અને એમાંથી જન્મતા વિકારો. સાંસારિક જીવનની જ વાત કરીએ તો રહેવા માટે ઘર જોઈએ, ઘર માટે ફર્નીચર જોઈએ, બાળકો માટે શાળા જોઈએ અને આવી તો અનેક જરૂરિયાતો રોટી, કપડા, મકાનની મૂળભૂત જરૂરિયાતોમાંથી ઉત્પન્ન થાય છે. આ જમીનમાં મૂળ નાખતી શાખાઓનો વિસ્તાર છે. આ શાખાઓ એ જ સંસારવૃક્ષ. આ

સંસારવૃક્ષ મૂળવૃક્ષ સાથે જેટલું જોડાયલું રહે, અને ઉપરના મૂળમાંથી પુષ્ટી મેળવે, એટલું સુખ મળે.

આપણે મૂળ વૃક્ષને સમજી શકતા નથી કારણ કે આપણને એની શરૂઆત, મધ્ય કે અંત ક્યાં છે એ જ સમજાતું નથી. આપણે માત્ર એક ડાળ પકડી છે અને માત્ર એને જ જોઈ શકીયે છીયે, જેમ આપણી નજર માત્ર ક્ષિતિજ સુધી જ જોઈ શકે છે. જો આપણે વિમાનમાં બેસીને નજર કરીએ તો ઘણો વધારે વિસ્તાર જોઈ શકીએ છીએ, અને સેટેલાઈટમાંથી જોઈએ તો આખી પૃથ્વીને જોઈ શકીએ છીએ. બસ આ વૃક્ષને જોવા સમજવા આપણા મનની ઉંચાઈની જરૂર છે. મોહ અને ઈચ્છાથી ઉપર ઊઠીને જોવાની જરૂર છે. આ વિશાળ બ્રહ્માન્ડની સરખામણીમાં આપણે કેટલા માપના છીએ, એ સમજાઈ જાય તો ઘણું બધું સમજાઈ જાય. આપણું આ અંગેનું અજ્ઞાન આપણાં દુખનું કારણ છે.

પરમાત્મા જ આ વૃક્ષનું મૂળ છે, એના તરફ મીટ માંડવાની જરૂર છે. માયાના મૂળમાં ખૂંપેલી આ સંસારની ડાળખીઓમાં તો અટવાઈ જવાય. આમાથી છૂટવાનો રસ્તો માયાથી મુક્ત થઈ, જ્ઞાન, કર્મ અને ભક્તિના માર્ગે ચાલવાનો છે. તામસિક વૃતિનો સદંતર ત્યાગ કરી, રાજસિક અને ત્યાંથી સાત્વિક વૃતિ તરફ પ્રવાસ કરવાનો છે. અહીં કહ્યું છે તેમ, આ વૃક્ષને પાર કરી પરમ પદ સુધી પહોંચવા દૃઢ વૈરાગ્ય રૂપી શસ્ત્રનો ઉપયોગ કરી માર્ગ બનાવી, પરમ પદ સુધી પહોંચી શકાય, જ્યાંથી પછી પાછા આવવાનું નથી. જે આદ્યપુરૂષ અનાદી કાળથી આ બ્રહ્માંડ ચલાવે છે, એના હું શરણે આવ્યો છું, એવી વૃતિથી આ પરમ પદની શોધ કરવાની છે.

પરમાત્મા સુધી પહોંચવા પાત્રતા જોઈએ. વ્યક્તિમાં “હું” અને “મારૂં” આ બે વાતોનો નકાર જરૂરી છે. આ નકાર કેળવતાં સમય લાગે, પણ પ્રયત્ન ચાલુ રાખવાથી ધીરે ધીરે આવે. વ્યક્તિ કે વસ્તુના મોહપાસમાંથી મુક્તિ વગર પરમાત્મા સુધી પહોંચવું શક્ય નથી. અહીં પરમાત્માને તમે શાશ્વત શાંતિ કહો, કે બીજું કંઇ પણ નામ આપો, વાત કેદમાંથી છૂટવાની છે. બંધન મુક્તિની છે.

પાંચમા શ્લોકમાં સ્પષ્ટ કહ્યું છે, “અધ્યાત્મ નિત્યા”. આ એક બે દિવસની વાત નથી. કાયમ માટે આ માર્ગે ચાલવાની વાત છે. આના માટે કાયમ જગૃત મન સાથે, સારૂં અને ખરાબ, સુખ અને દુખ, વખાણ અને ટીકા, ગમો અને અણગમો, બસ આ બધાથી પર થવાનું છે. આ બધું તો આવે અને જાય. કશું કાયમી નથી.

છઠ્ઠા શ્લોકમાં લક્ષ્ય શું છે એ સમજાવ્યું છે. શરીરનો મોહ, બુધ્ધિનું અભિમાન અને મનની ચંચળતા આ ત્રણ વસ્તુઓના ત્યાગ ઉપર ધ્યાન કેંદ્રીત કરવાની જરૂર છે, કારણ કે આ બધામાં જ દુખના મૂળ રહેલા છે. આવો માણસ સદેહે સંસારમાં રહીને પણ મુક્તિ અનુભવે છે. એક્વાર ત્યાં પહોંચ્યા પછી ફરી ફરી એની એ સાંસારીક ઝંજાળમાં પડવું પડતું નથી. બસ આ જ મુક્તિ છે.

સાતમાં શ્લોકમાં સમજાવ્યું છે કે પ્રકૃતિના પ્રત્યેક જીવમાં મારો અંશ છે, જેનો અનુભવ આપણે મન અને પાંચ ઈન્દ્રીયો દ્વારા કરી શકીએ છીએ. આઠમાથી અગીયારમા શ્લોકમાં શરીર અને આત્માના સંબંધની વાતો સમજાવી છે, એ હું હજી સુધી સમજી શક્યો નથી. બારમાથી પંદરમા શ્લોકમાં ફરી કહ્યું છે કે એ સૃષ્ટીના પ્રયેક જીવમાં, પ્રત્યેક વસ્તુમાં અને પ્રત્યેક પ્રક્રીયામાં હું જ છું, એટલે શક્તિ (Energy) છે.

સોળમાં શ્લોકમાં ક્ષર અને અક્ષર વચ્ચેનો ભેદ સમજાવી અને પછી કહે છે કે હું આ બન્નેથી અલગ છું. આનો અર્થ હું એવો કરૂં છું કે જીવ અને નિર્જીવ કરતાં શક્તિ અલગ છે. જીવ અને નિર્જીવ શક્તિના Products છે.

સત્તર, અઢાર અને ઓગણીસમાં શ્લોકમાં પરમાત્મા એટલે શું એ સમજાવ્યું છે. પરમાત્મા ક્ષર અક્ષરની ઉપર છે, એ અવિનાશી છે, દેહ ધારી રીતે ઓવા ઈચ્છો તો એ ઉત્તમ પુરૂષ છે, એ સમગ્ર બ્રહ્માન્ડનું ધારણ અને પોષણ કરે છે. જે જ્ઞાની પુરૂષો મારા સ્વરૂપને સમજે છે, જાણે છે, એ મને પુરુષોત્તમ નામથ જાણે છે.

અંતમાં અર્જૂનને કહે છે, કે મેં તને આ Top Secret કહી દીધી. આ વાત જાણીને માણસ કૃતાર્થ થઈ જાય છે.

(૧૬) દૈવાસુર સંપવિભાગ યોગ

માણસનું મન એ સારા કે નબળા વિચારોનું ઉદભવ સ્થાન છે. જો અર્જુનના મનમાં વિષાદ ન આવ્યો હોત, તો આ ગીતાની રચના થાત જ નહિં. મન ઉપર મનુષ્યનો કાબુ, કે મનુષ્ય ઉપર મનનો કાબુ? જીવનની આ જ એક મોટી મથામણ છે.

૧૬ મા અધ્યાયમાં ગીતા, દૈવી અને આસુરી વૃતિઓ સમજાવે છે. નિર્ભયતા, ચિત્તસુધ્ધિ, જ્ઞાન, યોગમાં નિષ્ઠા, દાન, ઇન્દ્રીયોનો સંયમ, યજ્ઞ, વેદોનું પઠન-મનન, તપ, સરળતા, અહિંસા, સત્ય, ક્રોધનો ત્યાગ, શાંતિ, સન્યાસ, નિંદાનો ત્યાગ, પ્રાણીમાત્ર ઉપર દયા, નિર્વિકારપણું, લોકલાજ, સ્થિરતા, તેજ, ક્ષમા, ધૈર્ય, પવિત્રતા, વિદ્રોહનો ત્યાગ, નમ્રતા આ બધા્ની ગણના દૈવી વૃતિઓમાં થાય છે.

અહીં એક પછી એક ૨૬ દૈવી વૃતિઓની યાદી આપી છે. પણ ગીતાના રચનારાની ખુબી જુઓ, સૌથી પ્રથમ સ્થાન નિર્ભયતાને આપ્યું છે. ભયભીત માણસ, સ્વબચાવમાં કંઈક્ને કંઈક આસુરી વૃતિવાળું કામ કરી બેસે. એટલે દૈવી વૃતિઓ માટે નિર્ભય હોવું જરૂરી છે. અને યાદીનો અંત નમ્રતાથી કર્યો છે. દૈવી વૃતિઓવાળો માણસ, પોતાની દૈવી વૃતિઓ માટે અહંકાર રાખે, હું બીજા બધાથી સારો છું એવી તુમાખી રાખે, તો બાકીની દૈવી વૃતિઓ નંદવાઈ જાય છે.

દંભ, અભિમાન, ગર્વ, ક્રોધ, દુખ પહોંચાડે એવી વાણી, અને અજ્ઞાન આ બધી આસુરી વૃતિઓ છે.

દૈવી વૃતિઓ મોક્ષદાયક છે, જ્યારે આસુરી વૃતિઓ બંધનમાં નાખનારી છે. મનુષ્યના બે જ સ્વભાવ છે, દૈવી અને આસુરી. આસુરી સ્વભાવના લોકો પ્રવૃતિ અને નિવૃતિને સમજતા જ નથી. તેમનામાં પવિત્રતાનો અભાવ છે. તેમનામાં આચાર અને સત્યનો અભાવ છે. આવા લોકો જગતને પણ અસત્ય માને છે, ઈશ્વરના અસ્તીત્વનો પણ અસ્વીકાર કરે છે.

આવા વિચારના લોકો, મોટે ભાગે હિંસા અને ઉગ્ર કર્મો કરવાવાળા લોકો છે, અને આ લોકો જગતમાં વિનાશ માટેની પ્રવૃતિઓ કરે છે. આ લોકો, તૃપ્ત ન કરી શકાય એવા કામોની ઈચ્છા કરી, દંભ, માન અને મદથી યુક્ત થઈ, અજ્ઞાનથી, વેદોએ કહેલા કર્મોથી વિરૂધ્ધ કર્મો કરે છે. આવા લોકો, મૃત્યુ સુધી વિષયભોગને પુરૂષાર્થ માનનારા, અને માત્ર ધનસંચયની ઇચ્છાવાળા લોકો હોય છે. આવા લોકો દરેક કુકર્મમાં અભિમાન લે છે. પોતે જ પોતાની પ્રશંસા કરે છે. અંતમાં આવા લોકો અધમ ગતિ પ્રાપ્ત કરે છે.

અધ્યાયના અંતમાં ગીતા કર્મ અને અકર્મનો નિર્ણય શાસ્ત્ર મુજબ જ લેવો એવી પ્રબળ સલાહ આપે છે.

અહીં ખરાબ કામોની સમજ વધારે વિસ્તાર પૂર્વક આપવામાં આવી છે. સારા કામો માત્ર ગણાવવામાં આવ્યા છે. મહાભારતમાં પણ કૌરવોની સંખ્યા ૧૦૦ છે, જ્યારે પાંડવો માત્ર પાંચ છે. મનમાં ૧૦૦ ખરાબ વિચારો આવવાનો પ્રયત્ન કરતા હોય, પણ માણસ માત્ર પાંચ સારા વિચારને મજબૂતીથી પકડી રાખીએ, તો ૧૦૦ ખરાબ વિચાર હારી જઈને મનમાંથી નીકળી જશે.

(૧૭) શ્રધ્ધાત્રયવિભાગ યોગ

આપણા શાસ્ત્રોમાં અને આપણા જીવનમાં ત્રણની સંખ્યા વણાઈ ગઈ છે. બ્રહ્મા, વિષ્ણુ, મહેશ; તન, મન, ધન; ઉત્તમ, મધ્યમ, કનિષ્ઠ. ગીતામાં ત્રણ યોગ, જ્ઞાનયોગ, કર્મયોગ, ભક્તિયોગ; ત્રણ ગુણ, સત્વ, રજશ, તમસ. આ અધ્યાયમાં યજ્ઞ, તપ અને દાન, આ ત્રણના સમુહની સમજ આપી છે.

આ અધ્યાયની શરૂઆતમાં જ ભગવાન કહે છે કે શ્રધ્ધા પણ સાત્વિક, રાજસિક અને તામસિક, એમ ત્રણ પ્રકારની હોય છે. કેટલાક લોકો ઈશ્વરમાં શ્રધ્ધા રાખે છે, તો કેટલાક લોકો ચમત્કારમાં માને છે, વળી કેટલાક લોકો ભૂત-પ્રેતની વાતો ઉપર વિશ્વાસ રાખે છે.

શ્રધ્ધાનો ઉલ્લેખ કર્યા બાદ, વિષય બદલાઈ અને મન અને શરીર ઉપર કેંદ્રીત થાય છે. મન અને શરીર એક બીજા સાથે સારી પેઠે સંકળાયલા છે. અર્જુનનું મન જ્યારે વિષાદમય હોય છે, ત્યારે એનું શરીર શીથીલ થઈ જાય છે, એના ગાત્રો ઢીલા થઈ જાય છે. આપણને ક્યારે ઓચિંતા ખરાબ સમાચાર મળે છે ત્યારે ડૂમો ભરાઈ આવે છે, આંખોમાં આંસુ આવી થાય છે, આપણો સ્વર મંદ પડી જાય છે. જ્યારે શરીર અસ્વસ્થ હોય છે ત્યારે મન ખિન્નતા અનુભવે છે, અશુભ વિચારો આવે છે, ખાવા-પીવાની રૂચી ઘટી જાય છે.

આમ માણસનું મન અને શરીર બન્ને સ્વસ્થ હોવા જરૂરી છે. અત્યાર સુધી ગીતામાં આધ્યાત્મિક વિષયોની ચર્ચા હતી. જ્ઞાન, કર્મ અને ભક્તિની વાતો હતી. સત્વ, રજશ અને તમસ જેવા ગુણોની વાતો હતી. આ અગાઉ એકવાર શરીરને ક્ષેત્ર કહી, શરીર જેવા સ્થુળ વિષયની વાત કરી હતી, પણ ત્યાર બાદ પુરુષમાંથી પુરૂષોત્તમ કેમ થવાય એ અધ્યાત્મિક વાત સમજાવી હતી. ગયા અધ્યાયમાં માણસની વૃતિઓની વાત પણ થઈ ગઈ. આ બધી વાતોનું પાલન કરવા મન અને શરીરનું સ્વસ્થ હોવું જરૂરી છે, એટલે આ અધ્યાયમાં એ વાતો સમજાવી છે.

જેમ યજ્ઞ, દાન અને તપના પ્રકાર હોય છે તેમ ખોરાકના ત્રણ પ્રકાર છે. શરીર અને મનને તંદુરસ્ત રાખવા, યોગ્ય આહાર લેવો ખૂબ જરૂરી છે. શરીરની અને મનની તંદુરસ્તીને મદદ કરે એવા આહારને અહીં સાત્વિક આહાર તરીકે ગણ્યો છે. જે માત્ર જીભના સ્વાદને જ સંતોષે છે, એવા આહારને રાજસિક આહાર કહ્યો છે, અને જે આહારથી મન અને શરીરને નુકશાન પહોંચે છે, એવા આહારને તામસિક આહાર કહ્યો છે. જૈન ધર્મના લોકો કાંદા અને લસણને તામસિક આહાર ગણીને એનાથી દૂર રહે છે. આ અધ્યાયમાં ખોરાક વિષે ઘણીવાતો ગીતાએ કહી છે, એ વાતો આપણા વૈદ અને દાકતરો પણ કહે છે, એટલે અહીં એની ચર્ચા નથી કરતો.

શરીર અને મનની વાતો પછી આ અધ્યાયમાં યજ્ઞની વાત સમજાવી છે. જે યજ્ઞ કોઈ ફળની કામના વગર કરે છે, કેવળ દંભ ખાતર નહિં પણ મનથી અને શાસ્ત્રોકતવિધી અનુસાર, તો એવા યજ્ઞને સાત્વિક યજ્ઞ કહેવાય. ફળની ઇચ્છાથી અથવા સમાજમાં દેખાડો કરવા જે યજ્ઞ કરવામાં આવે એને રાજસી યજ્ઞ કહેવાય. શાસ્ત્ર, દાન અને શ્રધ્ધાને કોરે મૂકી, કોઈ હલકા કાર્યને સાધ્ય કરવા જે યજ્ઞ કરે એને તામસી યજ્ઞ કહેવાય.

યજ્ઞ પછી વારો આવે છે તપની વાત સમજવાનો. અહીં પણ ફળની આશાના અભાવ અને શ્રધ્ધાથી કરેલા તમને સાત્વિક, પોતાની વાહ વાહ કરાવવા, અથવા કોઈ પૂર્વ ધારેલી ઈચ્છાપૂર્તિ માટે કરેલા તપને રાજસી અને દુરાગ્રહથી, માત્ર દેહને કષ્ટ આપી, બીજાના અહિતની કામના કરીને કરવામાં આવેલા તપને તામસી તપ કહેવામાં આવે છે.

યજ્ઞ અને તપ પછી વારો આવે છે દાનનો. દાનના પણ ત્રણ પ્રકાર છે, સાત્વિક, રાજશી અને તામસી. ફરી અહીં સત્વ, રજશ અને તમસના નિયમો પ્રમાણે દાનનું વર્ગીકરણ કર્યું છે, એટલે હું ફરી નથી લખતો.

અધ્યાયના અંતમાં ૐ તત સત એ મંત્રનું સ્મરણ શા સારૂ રાખવું તે કહેવામાં આવ્યું છે.. ૐ એટલે સાતત્ય, તત એટલે અલિપ્તતા, અને સત એટલે સાત્વિકતા. આપણી સાધનામાં સાતત્ય, અલિપ્તતા અને સાત્વિકતા હોવાં જોઈએ. એ હોય તો જ તે સાધના પરમેશ્વરને અર્પણ કરી શકાય. જો શ્રધ્ધા વગર યજ્ઞ, તપ કે દાન કર્યું હોય તો એનું સારૂં ફળ મળતું નથી.

આમ ગીતા ફરી ફરી જીવનના સદગુણ અને દુર્ગુણ વચ્ચેનો ભેદ સમજાવ્યા કરે છે.

(૧૮) મોક્ષસન્યાસ યોગ

અઢારમો અધ્યાય મોક્ષસન્યાસયોગ છે. આ અધ્યાયમાં સન્યાસ અને ત્યાગ વચ્ચેનો ફરક સમજાવવામાં આવ્યો છે. ફળની ઈચ્છાવાળા કર્મોનો ત્યાગ એટલે સન્યાસ. પણ ત્યાગ સાચો ત્યારે જ કહેવાય, જ્યારે કોઈ બધા કર્મોના ફળનો ત્યાગ કરે, અને આવા ત્યાગનું અભિમાન પણ ન રાખે.

અહીં એક વાતની સ્પષ્ટતા કરી છે. દેહધારી મનુષ્યે કેટલાક કર્મતો કરવા જ પડે, બધા જ કર્મોનો ત્યાગ તો શક્ય જ નથી. વળી ત્યાગ કરતી વખતે ગમા અણગમાનો ખ્યાલ ન હોવો જોઈએ. આપણને ન ગમતું હોય એ કામ છોડી દઈએ તો એ કંઈ ત્યાગ ન કહેવાય. જે કર્મ કરવું જરૂરી છે, એ ગમા અણગમાને અવગણીને ઈમાનદારીથી કરવું જોઈએ. કર્મમાં જીવ પરોવી, કર્મના ફળમાંથી ઇચ્છા કાઢી નાખવી, એ જ ગીતાનો મૂળ સંદેશ છે. ફળની ઈચ્છા, અને ઇચ્છાપૂર્તિ ન થવાથી થતી હતાશા કે ક્રોધ, એ જ બધા દુખનું કારણ છે. એકવાર સારૂં કામ કર્યું એટલે પત્યું, એવી વૃતિ ન ચાલે, સતત સારૂં કામ કરતા રહો, તો જ તમે સાત્વિક કર્મની વ્યાખ્યામાં આવી શકો. કોઈપણ કામમાં જ્યારે પ્રેમ કે ભક્તિ ભળે છે, ત્યારે એ કામનો ભાર લાગતો નથી. કામ સારૂં છે કે અયોગ્ય છે એ વિવેક બુધ્ધિથી વિચારવું જોઈએ, એમાં લાલચનું તત્વ ન ચાલે.

કર્મમાં જ્યારે હું પણું દાખલ થઈ જાય છે, હું આ કરૂં છું અને એટલે જ આ થાય છે, આવા વિચારથી એમાં અભીમાનનું તત્વ દાખલ થઈ જાય છે, અને એમાંથી સાત્વિકતા નીકળી જાય છે. ખરેખર તો "હું કરૂં છું" અને "આ મેળવવા કરૂં છું" આ બે વાત નીકળી જાય તો પછી માત્ર કર્મ જ રહે, અને એ કર્મ સાત્વિક હોવાની સંભાવના સૌથી વધારે રહે. આવા કર્મોમાં થાક કે કંટાળાનો સદંતર અભાવ રહેશે. લોકો મારૂં લખેલું આ બધું વાંચશે, અને મારા વખાણ કરશે, એવું ધારીને લખું તો જરૂર હું કંટાળી જઈશ. બે ત્રણ ઈ-મેઈલ આવે કે તમે બહુ સરસ લખ્યું છે, એટલા માટે રોજના છ-સાત કલાક વાંચી, સમજવાની કોશીશ કરી અને આટલું બધું ટાઈપ કરવું,

એ મારા માટે શક્ય ન થાય. આ વિષયમાં મને રસ પડ્યો છે, આ લખવાને બહાને હું મારી સમજ વધારવા કોશીશ કરું છું, અને એટલે હું કંટાળ્યો નથી.

કર્મ કરીએ એટલે દોષ લાગવાનો સંભવ પણ ખરો. આ માણસ શું પોતાને જ્ઞાની સમજીને લોકોને ગીતાનું જ્ઞાન આપવા બેઠો છે? આવા પ્રશ્નો પણ ઊઠે. આનો ઉપાય પણ ગીતામાં જ છે. આ કામ અનાસક્તિથી કર્યું હોય તો કોણ શું કહે છે, એનો દોષ અસર નહિં કરે. આ કામ મેં મારા માટે માટે કર્યું છે, અને એનો બધો નફોનુકશાન ભોગવવાની મારી તૈયારી છે, માત્ર આ એક વિચારથી ભય નીકળી જાય છે. અગ્નિ પ્રગટશે ત્યાં ધૂમાડો તો થશે જ, બસ આટલું સમજી લેવાની જરૂર છે.

આ અધ્યાયમાં એક મોટી વાત કહી છે. અનાશક્તિથી કરેલા કર્મનો દોષ લાગતો નથી. આમ કર્મ કર્યા છતાં કર્મશૂન્યતા જેવી સ્થિતિ ઉત્પન્ન થાય છે. એક વૈરાગ્યભાવ ઉત્પન્ન થયા પછી કર્મદોષ કે કર્મફળ જેવું કશું જ રહેતું નથી. પ્રત્યેક કર્મ ઇશ્વરને સોંપી દઈ, હું એનાવતી અથવા એનું કામ કરૂં છું, એવો ભાવ પેદા થયા પછી કર્મનો ભાર પણ લાગતો નથી.

ગીતાને જો ઈશ્વરની વાણી સમજીને એનો અમલ કરીયે તો અમલ કરવો સહેલું થઈ જાય. આ જ વાત કોઈ Consultant કહે તો એનો અમલ કરવામાં ક્યારેક કંટાળો પણ આવે.

ગીતામાં આડકતરી રીતે એક વાત કહી છે. આ બધું તમને સમજાયું હોય, તમને શંકા ન હોય તો જ તમારે કરવું. શ્રધ્ધા વગર, કોઈએ કહ્યું એટલે કરવું એ જરૂરી પણ નથી અને ઉપયોગી પણ નથી.

અંતમાં સંજયને મુખે આપણને એક સંદેશો મળે છે. જ્યાં યોગેશ્વર કૃષ્ણ હોય, અને ધનુર્ધર અર્જુન હોય ત્યાં જાહોજલાલી, નીતિ અને જય હોય જ છે. અહીં ગીતા આપણી કૃષ્ણ છે, આપણે અર્જુન છીએ. ગીતાએ જણાવ્યા અનુસાર મન, વાણી, અને કર્મની શુધ્ધિ રાખી, કર્મ કર્યા કરીએ, તો જીવનમાં સુખ, સગવડ અને શાંતિ મળે જ.

ગ્રંથસૂચિ


(૧) અનાશક્તિયોગ-ગાંધીજી

(૨) ગીતા પ્રવચનો-વિનોબા ભાવે

(૩) ભગવદગીતા એટલે – સુરેશ દલાલ

(૪) ગીતા- અનિલ પ્રવીણભાઈ શુકલા

(૫) BHAGAVAD GEETA-Prabha Duneja